અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ જાન્યુઆરી ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ આઠમ | અંક : ૧૫૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### નરેન્દ્ર મોદીના કોંગ્રેસ અને ડાબેરીઓ પર આકરા પ્રહાર

# કોંગ્રેસ-ડાબેરીની સરકારોએ મહિલાઓને યોગ્ય સન્માન નથી આપ્યું : વડાપ્રધાન મોદી

## દેશમાં મોદીની ગેરેન્ટીની વાતો થાય છે, પરંતુ હું માનું છું કે દેશની મહિલા શક્તિ જ વિકસિત ભારતના સંકલ્પ સિદ્ધની સૌથી મોટી ગેરંટી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

। થ્રિસુર, તા.3 ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કોંગ્રેસ અને ડાબેરીઓ પર પ્રહાર કરતા કહ્યું કે આ સરકારોએ મહિલાઓને યોગ્ય સન્માન આપ્યું નથી. કેરળના થ્રિસુરમાં એક મહિલા સંમેલનના વિશાળ સભાને સંબોધતા તેમણે કહ્યું કે, હું મહિલા શક્તિનો આભારી છું જેઓ મને આશીર્વાદ આપવા માટે આટલી મોટી સંખ્યામાં અહીં આવી છે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે આજકાલ દેશમાં મોદીની ગેરેન્ટીની વાતો થાય છે, પરંતુ હું માનું છું કે દેશની મહિલા શક્તિ જ વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવાની સૌથી મોટી ગેરંટી છે. કમનસીબે, આઝાદી પછી કોંગ્રેસની સરકારો, એલડીએફ-યુડીએફની સરકારોએ મહિલા શક્તિને નબળી ગણાવી હતી. લોકસભા અને



વિધાનસભામાં મહિલાઓને અનામત આપતો કાયદો વર્ષો સુધી પેન્ડિંગ રહ્યો. પીએમ મોદીએ કહ્યું કે ભારત ગઠબંધન આપણા વિશ્વાસને ઠેસ પહોંચાડે છે. તેઓએ મંદિરો અને આપણા તહેવારોને લૂંટના માધ્યમમાં ફેરવી દીધા છે. થ્રિસુર પુરમ સાથે જે પ્રકારનું રાજકારણ થઈ રહ્યું છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે કહ્યું કે સબરીમાલામાં જે પ્રકારની અરાજકતા સર્જાઈ છે તેનાથી શ્રદ્ધાળુઓને ઘણી અસુવિધા થઈ છે. પીએમે આ માટે રાજ્ય સરકારને જવાબદાર ગણાવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ડાબેરીઓ અને કોંગ્રેસ લાંબા સમયથી કેરળમાં સત્તા અને વિપક્ષમાં હોવાનો ડોળ કરી રહ્યા છે. આ માત્ર નામના બે પક્ષો છે. કોંગ્રેસ અને ડાબેરીઓ પર નિશાન સાધતા પીએમએ કહ્યું કે કેરળમાં ભ્રષ્ટાચાર હોય, ગુનાખોરી હોય કે ભત્રીજાવાદ હોય, આ બંને પાર્ટીઓ સાથે મળીને બધું કરે છે. તેમણે કહ્યું કે હવે ઈન્ડી એલાયન્સ બનાવીને તેઓએ જાહેર કર્યું છે કે તેમની વિચારધારા અને નીતિઓમાં કોઈ ફરક નથી.મહિલા સભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે સદનસીબે, હું શિવની નગરી કાશી સંસદીય ક્ષેત્રની સાંસદ છું અને અહીં વદક્કુન્નાથન મંદિરમાં ભગવાન શિવ પણ બિરાજમાન છે. આજે કેરળની સાંસ્કૃતિક રાજધાની થ્રિસુરમાંથી નીકળતી ઉર્જા સમગ્ર કેરળમાં નવી આશા જગાવશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે આજે શિવગંગાની મહાન રાણી વેલુ નાચિયારની જન્મજયંતિ છે. આજે સમાજ સુધારક સાવિત્રીબાઈ ફુલેની જન્મજયંતિ પણ છે. આ બંને પાસેથી આપણે શીખી શકીએ છીએ કે સ્ત્રી શક્તિ કેટલી મહાન છે. કેરળની દીકરીઓએ ભારતની સ્વતંત્રતા, સંસ્કૃતિ અને બંધારણના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

### ન્યૂઝ બ્રિફ

#### રામલલાના અભિષેક માટે બાબરના દેશથી આવ્યું જળ



। (એજન્સી) નવી દિલ્હી, તા.3 ।

અયોધ્યામાં રામ મંદિર માટે રામલલાની મૂર્તિ તો ફાઈનલ થઈ ગઈ પરંતુ ૧૭ તારીખના રોજ તેને જાહેર કરવામાં આવશે. આ દિવસે નગર ભ્રમણનો કાર્યક્રમ છે. હાલ સમગ્ર દેશમાં ૨૨ જાન્યુઆરીના રોજ પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમની ચર્ચા છે. આવામાં એ જાણવું ખુબ રસપ્રદ છે કે અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા માટે મુઘલ શાસક બાબરની જન્મભૂમિ ઉઝ્બેકિસ્તાનથી પણ જળ મંગાવવામાં આવ્યું છે. એટલું જ નહીં પાકિસતાન, ચીન, દુબઈ સહિત એન્ટાર્કટિકાના જળથી પણ શ્રીરામનો અભિષેક કરવામાં આવશે.

#### ગુજરાતમાં પેટ્રોલ ૮૪ પૈસા મોંઘું, ડિઝલના ભાવ યથાવત

। (એજન્સી) નવી દિલ્હી, તા.3 ।

ઈઝરાયલ અને હમાસ તેમજ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર આંતરરાષ્ટ્રીય કાચા તેલની કિંમતો પર પડી રહી છે અને તેમા મિશ્ર વલણ જોવા મળી રહ્યું છે ત્યારે આજે સવારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (ડબલ્યુટીઆ) ક્રૂડ નજીવા વધારા સાથે ૭૦.૭૫ ડોલર પ્રતિ બેરલ પર વેચાઈ રહ્યું હતું જ્યારે બ્રેન્ટ ક્રૂડ ઘટીને ૭૫.૮૯ ડૉલર પ્રતિ બેરલ થઈ ગયું હતું. દેશમાં સવારે ૬ વાગ્યે ઈંધણના ભાવમાં સુધારો થતા ફેરફાર થાય છે.

### ભીડમાં નાસભાગ મચી જવાને કારણે લોકો ઘાયલ થયા હતા

# ઈરાનના કરમાનમાં કબ્રસ્તાન પાસે જોરદાર વિસ્ફોટ; ૧૦૩ થી વધુના મોત, ૧૨૦ ઘાયલ



। તહેરાન, તા.3 ।

ઈરાનના કરમાન શહેરમાં કબ્રસ્તાન પાસે થયેલા પ્રચંડ વિસ્ફોટોમાં ૧૦૩થી વધુના મોત થયા છે. કમાન્ડર કાસિમ સુલેમાનીને આ કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યા છે. અહેવાલોમાં જણાવાયું છે કે, જ્યાં માર્યા ગયેલા કમાન્ડર કાસિમ સુલેમાનીને દફનાવવામાં આવ્યો હતો, ત્યાં બે વિસ્ફોટમાં ૧૦૩થી વધુ લોકો માર્યા ગયા હતા. બુધવારે ઈરાનમાં તેમના મૃત્યુની ચોથી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી રહી હતી. વિસ્ફોટોને કારણે ૧૨૦ લોકો ઘાયલ થયા છે, મોટી સંખ્યામાં એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ભીડમાં નાસભાગ મચી જવાને કારણે ઘણા લોકો ઘાયલ થયા હતા અને તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. સુલેમાનીના મૃત્યુની વર્ષગાંઠ નિમિત્તે એક સમારોહ માટે આ વિસ્તારમાં ભીડ એકઠી થઈ હતી. સુલેમાનીએ બે દાયકાથી વધુ સમયથી ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ની વિદેશી ઓપરેશન શાખા કુદ્સ ફોર્સનું નેતૃત્વ કર્યું હતું. જાન્યુઆરી ૨૦૨૦માં ઈરાકમાં અમેરિકાના હવાઈ હુમલામાં તેમની મોત નીપજી હતી.

## સાઉથ આફ્રિકાની ટીમ ૫૫ રનમાં ઓલઆઉટ થઈ

। નવી દિલ્હી, તા.3 ।

ટીમ ઈન્ડિયાએ કેપ ટાઉન ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં સાઉથ આફ્રિકાને માત્ર ૫૫ રનમાં આઉટ કરી દીધું છે. આ ઈનિંગમાં ભારતીય ટીમનો સ્ટાર મોહમ્મદ સિરાજ હતો જેણે માત્ર ૧૫ રન આપીને ૬ વિકેટ લીધી હતી. ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું છે. સાઉથ આફ્રિકાનો પ્રથમ દાવ માત્ર ૫૫ રન પર જ સમેટાઈ ગયો હતો. આફ્રિકાના બેટ્સમેનો એક પણ સેશન ટકી શક્યા ન હતા. ભારત તરફથી સિરાજે ૬ વિકેટ ઝડપી હતી. બુમરાહ અને મુકેશ કુમારને ૨-૨ વિકેટ મળી હતી. લંચ સેશન બાદ ભારતીય ઓપનર ઈનિંગ્સની શરૂઆત કરશે. મોહમ્મદ સિરાજે સાઉથ આફ્રિકા સામેની બીજી ટેસ્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને માત્ર ૯ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. કેપટાઉનની પીચ પર સાઉથ આફ્રિકાએ માત્ર ૩૪ રનમાં તેની ૬ વિકેટ ગુમાવી દીધી હતી. જસપ્રીત બુમરાહ અને મુકેશ કુમારને ૨-૨ વિકેટ મળી હતી. ભારત સામે સાઉથ આફ્રિકાનો આ સૌથી નાનો સ્કોર છે.







#### અદાણી-હિન્ડનબર્ગ કેસમાં સેબીની તપાસ યોગ્ય : સુપ્રીમ

। નવી દિલ્હી, તા.3 ।

અદાણી-હિન્ડનબર્ગ કેસમાં સુપ્રીમકોર્ટે ચુકાદો આપી દીધો છે. સેબીની તપાસને યોગ્ય ગણાવતાં દખલનો ઈનકાર કરી દીધો હતો. ૩ જજોની બેન્ચે આ મામલે ચુકાદો આપ્યો હતો. સુપ્રીમકોર્ટે કહ્યું કે સેબીએ ૨૨ આરોપોની તપાસ કરી હતી. બાકી ૨ કેસની તપાસ માટે અમે ૩ મહિનાનો સમય આપીએ છીએ. આ સાથે સુપ્રીમકોર્ટે આ મામલે તપાસને સેબીથી છીનવી લઈને સિટને સોંપવાનો પણ ઈનકાર કરી દેતાં કહ્યું કે તેનો કોઈ આધાર જ નથી.



### ૨ વર્ષમાં ટ્રાફિક પોલીસે ૩૦ કરોડ રૂપિયાનો દંડ વસુલયો

## ૨૦૨૩માં પોલીસે ૧૫.૧૮ કરોડ રૂપિયાનો દંડ વસુલ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

શહેરના ૨૦૨૩ના વર્ષમાં ટ્રાફિક પોલીસે ૧૫.૧૮ કરોડ રૂપિયાનો દંડ વસુલયો છે. વર્ષ ૨૦૨૨માં પણ ૧૫ કરોડનો આંકડો હતો. બે વર્ષમાં અમદાવાદીઓએ ટ્રાફિકનો નિયમનો ભંગ કરીને ૩૦ કરોડ રૂપિયા દંડ ભર્યો. આ વર્ષે ટ્રાફિક પોલીસે સૌથી વધુ ભારે વાહન પાસેથી દંડ વસુલ કરવામાં આવ્યો છે. અમદાવાદીઓ ટ્રાફિકના નિયમનુ પાલન કરવામાં બેદરકાર બન્યા હોય તેમ લાગી રહ્યું છે. વર્ષ ૨૦૨૩માં પોલીસે ૧૫.૧૮ કરોડ રૂપિયાનો દંડ વસુલ્યો છે. જ્યારે ૨ વર્ષમાં ટ્રાફિક પોલીસે ૩૦ કરોડ રૂપિયાનો દંડ વસુલયો. ૨૦૨૩ અને ૨૦૨૨નો દંડ વસુલવાનો આંકડો મોટાભાગે સરખો હતો. પરંતુ ટ્રાફિક પોલીસે સૌથી વધુ ફોર વ્હીલર ચાલક અને ભારે વાહનોને દંડ ફટકાર્યો છે. છેલ્લા એક વર્ષમાં ૩૦ લોકો ભારે વાહનોના અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે. જ્યારે ૨૫થી વધુ ઈજાગ્રસ્ત થયા છે. શહેરમાં છેલ્લા ૬ માસથી ભારે વાહનોથી અકસ્માત અને મોતના કિસ્સા વધ્યા હતા. જેથી ટ્રાફિક પોલીસે મોતના ગંભીર આંકડાને જોતા ભારે વાહનો પર નિયંત્રણ રાખવા માટે ડ્રાઈવ શરૂ કરી હતી. આ ડ્રાઈવ દરમ્યાન ગયા વર્ષ કરતા વધુ દંડ ટ્રાફીક પોલીસે વસુલ કર્યો છે. ૨૦૨૨માં ૪૦ લાખ દંડ જ્યારે ૨૦૨૩ના વર્ષમાં ૧.૧૬ કરોડનો દંડ વસુલ કર્યો હતો. ૧૫ કરોડનો દંડ ચૂકવીને અમદાવાદીઓએ ટ્રાફિકના નિયમનને લઈને પોતાની બેદરકારી સ્પષ્ટ કરી છે. ટ્રાફિકના ૩૩ જેટલા નિયમોને લઈને દંડ વસુલ કરવામા આવે છે. હજુ પણ ઈ મેમોના કરોડો રૂપિયાના દંડ ઉઘરાવવાના બાકી છે.

### ૨૦૨૪ને લઇને ગુજરાત ભાજપે તૈયારીઓ શરૂ

# લોકસભાની ચૂંટણી માટે ભાજપે આઠ નેતાઓને સોંપી જવાબદારી

**બાબુભાઈ જેબલીયાને મહેસાણા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર તો કેસી પટેલને ગાંધીનગર અને અમદાવાદની જવાબદારી સોંપવામાં આવી હતી**

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને ગુજરાત ભાજપે તૈયારીઓ શરૂ કરી દીધી છે. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આઠ દિગ્ગજ નેતાઓને અલગ અલગ જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી છે. પૂર્વ ગૃહ મંત્રી પ્રદીપસિંહ જાડેજાને ૩ બેઠકોની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રદિપસિંહને વડોદરા, છોટા ઉદેપુર અને ભરૂચ લોકસભા બેઠકની જવાબદારી સોંપવામાં આવી છે. તે સિવાય અમિત ઠાકરને બનાસકાંઠા, કચ્છ, પાટણ જિલ્લાની જવાબદારી સોંપવામાં આવી છે.



ઉપરાંત બાબુભાઈ જેબલીયાને મહેસાણા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર તો કે.સી.પટેલને ગાંધીનગર અને અમદાવાદની જવાબદારી સોંપવામાં આવી હતી. તે સિવાય નરહરિભાઈ અમીનને આણંદ, ખેડા, પંચમહાલ,દાહોદ તો જ્યોતિબેન પંડ્યાને સુરત, નવસારી,બારડોલી, વલસાડની જવાબદારી સોંપવામાં આવી હતી. ભૂપેન્દ્ર ચુડાસમાને જૂનાગઢ, અમરેલી, ભાવનગર તો આરસી ફળદુને જામનગર, પોરબંદર, રાજકોટની જવાબદારી સોંપવામાં આવી હતી. તે સિવાય લોકસભાની ચૂંટણી પહેલા પ્રદેશ ભાજપનો વ્યાપ વધારવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

અન્ય પક્ષના નારાજ નેતાઓને પક્ષમાં જોડવા માટે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરત બોઘરાની અધ્યક્ષતામાં એક કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં નાયબ દંડક જગદીશ મકવાણા, શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરીયા, વડોદરા જિલ્લા પ્રભારી રાજેશ પાઠક અને ભાજપ યુવા મોરચાના પૂર્વ પ્રદેશ ઉપપ્રમુખ હિમાંશુભાઈ પટેલનો કમિટીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અન્ય પક્ષના કયા નારાજ નેતાને સામેલ કરવા તે અંગે કમિટી અભિપ્રાય આપશે. પ્રદેશ અને જિલ્લા, મહાનગર સ્તર પર સરપંચ પદ પરથી ચૂંટણી લડેલા અન્ય પાર્ટીઓના કે અપક્ષ ઉમેદવારો, સમાજના અને વિવિધ ક્ષેત્રના આગેવાનોના નામોની યાદી તૈયાર કરીને મોટી સંખ્યામાં પક્ષમાં જોડવાનો કાર્યક્રમ યોજાશે. તો ડિસેમ્બરમાં એક જ અઠવાડિયામાં આમ આદમી પાર્ટીના ભૂપત ભાયાણી અને કોંગ્રેસના ખંભાતના ચિરાગ પટેલને રાજીનામું આપ્યુ તે સમયે ભરત બોઘરા રાજીનામા સમયે હાજર હતા. ત્યારે હવે એ જ ભરત બોઘરાને આ કમિટીનું નેતૃત્વ સોંપવામાં આવ્યું છે.

### ૧૪૫ કિલો અખાદ્ય જથ્થો મળ્યો, ૧૯ને નોટિસ

## રાજકોટની લાઈવ બેકરીમાંથી વાસી જથ્થો મળી આવ્યો

। (એજન્સી) રાજકોટ, તા.૩ ।

ભેળસેળિયા વેપારીઓ સામે તંત્રની તવાઈ બોલાવી છે. કેકની બેકરીઓ પર આરોગ્ય વિભાગે રેડ પાડી છે. જ્યારે લાઈવ બેકરીમાંથી વાસી જથ્થો મળ્યો છે. ૧૪૫ કિલો અખાદ્ય જથ્થો મળી આવ્યો છે. સાથે જ ફૂડ લાયસન્સ વગર ધંધો કરતા ૧૯ને નોટિસ ફટકારવામાં આવી છે. તાજી કેકના દાવા કરતી લાઈવ બેકરીમાંથી વાસી જથ્થો મળી આવ્યો છે. માહી લાઈવ બેકરીમાંથી એસેન્સ, ફ્લેવર્સ, બેકરી ફેટ સહિત કુલ ૧૪૫ કિલો અખાદ્ય જથ્થો મળી આવ્યો છે. કે.કે. લાઈવ પફમાંથી પણ ૯ કિલો વાસી સોસ મળી આવ્યો છે. જ્યારે દાણાપીઠ, જૂના માર્કેટિંગ યાર્ડ, પરાબજાર સહિત ૧૦ અલગ-અલગ જગ્યાએથી સીંગતેલના નમુના લેવાયા છે. ફૂડ લાઈસન્સ વિના ધંધો કરતા ૧૯ ધંધાર્થીઓને નોટિસ ફટકારવામાં આવી છે. શહેરીજનોનું આરોગ્ય ન જોખમાય તે માટે ફૂડ વિભાગ દ્વારા અવારનવાર ચેકિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય છે. આ પ્રક્રિયા અંતર્ગત શહેરના દાણાપીઠ, જૂના માર્કેટિંગ યાર્ડ, પરબજાર વિસ્તાર, પશ્ચિમ રોજકોટમાં પણ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન ફ્રેસ કેકના દાવા કરતી લાઈવ બેકરીમાંથી અખાદ્ય જથ્થો મળી આવ્યો છે. બેકરી ફેટ સહિતની કુલ ૧૪૫ કિલો જેટલો અખાદ્ય જથ્થો મળી આવ્યો હતો. જેનો ઘટના સ્થળે જ નાશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત ફૂડ લાયસન્સ વગર ધંધો કરનારા ૧૯ ધંધાર્થીઓને નોટિસ પણ ફટકારવામાં આવી છે.

## ઝાલોદ પોલિસ સ્ટેશનમાં ડી.વાય.એસ.પીની અધ્યક્ષતામાં નાણાં ધીરધાર અન્વયે લોકદરબાર યોજાયો

**આ લોકદરબારમાં નગરની વિવિધ બેંકોના પ્રતિનિધિઓ દ્વારા લોન કેવી રીતે લેવું તેની સમજ આપવામાં આવી**

(પ્રતિનિધી)
। ઝાલોદ, તા.૩ ।

ગુજરાત નાણાં ધીરનાર અધિનિયમ ૨૦૧૧ અન્વયે ઝાલોદ પોલિસ સ્ટેશનમાં ડી.વાય.એસ.પી ની આગેવાની હેઠળ વિવિધ બેંક ના પ્રતિનિધિઓ અને પી.એસ. આઈ માળી ને સાથે રાખી લોકદરબાર યોજાયો હતો.

ડી.વાય.એસ.પી પટેલ, પી.એસ.આઈ માળી તેમજ બેંકના વિવિધ પ્રતિનિધિઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં તગડા પ્રમાણમાં વ્યાજ લેતા લોકો સામે સતર્ક રહે તેમજ નાના નાના વ્યાપ ાર કરવા બેંક કેવી રીતે તેમને મદદરૂપ બને તે માટે માહિતી આપવામાં આવી હતી. ગુજરાત સરકાર દ્વારા વધુ વ્યાજ લેતા પ્રાઈવેટ ધીરધાર કરવા વાળા લોકો સામે લાલ આંખ કરેલ છે અને આવા વધુ વ્યાજ લેતા લોકો સામે કાયદેસર રીતે પગલા લઈ રહી છે તેથી નાના લોકોને વ્યાજનું વ્યાજ ભરવાં સુધીની મુક્તિ મળે તેવા અનેક આયોજન કરવામાં આવી રહેલ છે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ચાલતી બધી જ સરકારી બેંકોને નાનામાં નાના વ્યાપારી વર્ગ અને જરૂરિયાત મુજબ લોન આસાની થી મળે છે. નાનામાં નાનો માણસ ખોટી વ્યાજખોરીમાં ના ફસાય તે હેતુથી વિવિધ બેંકોમાં વિવિધ યોજના હેઠળ લોન મળી રહે છે. તો દરેક લોકો બૅંકોમાંથી લોન મેળવી પગભર બને અને સમૃદ્ધ બને તે હેતુથી દરેક લોકો સરકારની યોજનાઓનો લાભ લે તે વિશે બેંકના વિવિધ પ્રતિનિધિઓ દ્વારા માહિતી આપી હતી. તેમજ ડી.વાય. એસ.પી પટેલ દ્વારા વધુ વ્યાજ લેતા વ્યાજખોરો સામે ગુજરાત પ ોલિસ ખૂબ સખ્ત પગલા લઈ રહી છે તેમજ કોઈ પણ વ્યક્તિ હજુ પણ કોઈ પ્રાઈવેટ વિસ્તારમાં રકમ ઉપરાંત વ્યાજનું વ્યાજ હજુ પણ ભરતા હોય તો પોલિસ સ્ટેશનનો સંપર્ક કરે તેવું સૂચવ્યું હતું. સહુ ઉપસ્થિત લોકોને આ લોકદરબાર દ્વારા સુંદર માહિતી મળી હતી.

### પરીક્ષા ફીમાં ચાર ગણો વધારો થશે

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષા આપવી હવે મોંઘી પડશે

**ઓનલાઈન અરજી તારીખ ૨ જાન્યુઆરી ૨૦૨૩થી શરૂ થશે અને જે તારીખ ૧૬ જાન્યુઆરી ૨૦૨૩ સુધી કરી શકાશે**

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

ગુજરાત ગૌણ સેવા મંડળની પરીક્ષા માટે હવે ઉમેદવારોએ વધારે પરીક્ષા ફી આપ વા તૈયાર રહેવું પડશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ પરીક્ષા ફીમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. ૧૧૧ રૂપિયાના બદલે ગૌણ સેવા પસંદગી મંડળ હવે રૂ. ૫૦૦ પરીક્ષા ફી લેશે. અનામત વર્ગમાં આવતા ઉમેદવારોએ રૂ. ૪૦૦ પરીક્ષા ફી ભરવાની રહેશે. પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારોને આપશે ઓનલાઈન પેમેન્ટની સુવિધા આપવામાં આવશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તૈયારી કરનારા ઉમેદવારોનાં હિતમાં આ નિર્ણય માનવામાં આવી રહ્યો છે. નોંધનીય છે કે હાલમાં જ રાજ્ય સરકાર દ્વારા ભરતીની જાહેરાત કરવામાં આવી છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આંકડા મદદનીશની ભરતી જાહેર કરવામાં આવી છે. જે મુજબ સંશોધન મદદનીશ વર્ગ ૩ ની ૯૯ અને આંકડા મદદનીશ વર્ગ ૩ ની ૮૯ પોસ્ટની ભરતી કરવામાં આવશે. આકંડા મદદનીશની કુલ ૧૮૮ પોસ્ટ માટે ભરતી કરવામાં આવશે. જે માટે ૨ જાન્યુઆરીથી ઓનલાઈન ફોર્મ ભરી



શકાશે અને ૧૬ મી જાન્યુઆરી સુધી ફોર્મ ભરી શકાશે. લાંબા સમયથી ઉમેદવારો બંને પરીક્ષાની રાહ જોઈ રહ્યા હતા. OJASની વેબસાટ પર ઓનલાઈન અરજી તારીખ ૨ જાન્યુઆરી ૨૦૨૩થી શરૂ થશે અને જે તારીખ ૧૬ જાન્યુઆરી ૨૦૨૩ સુધી કરી શકાશે. સંશોધન મદદનીશ વર્ગ-૩ માટે કુલ ૯૯ જગ્યા જ્યારે આંકડા મદદનીશ વર્ગ-૩ માટે ૮૯ જગ્યા પર ભરતી માટે અરજી મંગાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પરીક્ષા પદ્ધતિની વાત કરીએ તો એક તબક્કામાં MCQ પ્રકારના પ્રશ્નોવાળી CBRT સ્પાર્ધાત્મક પરીક્ષા ઉમેદવારે આપવાની રહેશે.

## મેક્સિકોથી ગેરકાયદે યુએસ જનારાની થાય છે ખરાબ હાલત

**કેટલાક કિસ્સામાં લોકો પોતાને સરણાર્થી ગણાવતા હોય છે અને સરણાર્થી હોવાનું કહીને આશરો મેળવવાનો પ્રયાસ કરતા હોય છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમેરિકા જવાનો ક્રેઝ હજુ પણ લોકોમાં યથાવત છે, આ પાછળનું કારણ મોટાભાગે સામાજીક મોભો વધારવાનું તથા ડૉલર પ્રત્યેનું આકર્ષણ રહ્યું છે. આવામાં યુવાનો ત્યાં જવાની ઈચ્છા રાખતા હોય છે અને તેના માટે ઘણાં ખોટો રસ્તો પણ અપનાવવામાં અચકાતા નથી. જોકે, આ ખોટો રસ્તો તેમના માટે જીવનું જોખમ પણ બની જતું હોય છે. ફ્રાન્સની ઘટના હાલ ચર્ચામાં છે ત્યારે એક NRIએ અમારી સાથે આ મુદ્દે વિસ્તારથી વાત કરી છે. પ્રફૂલ પટેલ નામના NRI કે જેઓ હાલ ભારતમાં ફરવા માટે આવ્યા છે તેમણે વિદેશ જવાની ગુજરાતીઓની ઘેલછા અંગે વાત કરીને જણાવ્યું કે, લોકોની અમેરિકા જવાનું આકર્ષણ છે તેનું સૌથી મોટું કારણ ડૉલર છે, લોકોને કમાવા માટે અમેરિકા જવું છે. જોકે, તેમણે કહ્યું કે બધા આમ કરતા હોય તે જરુરી નથી, ઘણાં પોતાના પરિવારના સભ્યો ત્યાં રહેતા હોય એટલે સામાજિક કારણથી કે કેટલાક ભણવા માટે પણ અમેરિકા જતા હોય છે, એટલે જરુરી નથી કે બધા ડૉલરના આકર્ષણના કારણે ત્યાં જતા હોય છે. એક્સપર્ટ્સ પણ કહે છે કે લોકોને સૌથી વધુ કેનેડા જવાની ઘેલછાનું કારણ ડૉલર જ હોય છે પરંતુ તેમને ત્યાં ગયા પછી કપરી પરિસ્થિતિનો સામનો કરવાનો વારો આવતો હોય છે. ગેરકાયદે બોર્ડર ક્રોસિંગ અંગે તેમણે વાત કરીને કહ્યું કે, અમે જાતે તો આ બાબતને જોઈ કે અનુભવી નથી પરંતુ ઘણી રીતે તેમના વિશેની માહિતી સામે આવતી હોય છે વિડીયો પણ સામે આવતા હોય છે જેમાં જોયું છે કે લોકોને તકલીફ પડતી હોય છે, જેમાં લોકો ચાલતા જતા હોય છે, નદી પાર કરતા હોય છે, કાદવ-કિચડવાળા રસ્તા હોય, જંગલ હોય, સાપનો પણ ભય રહેતો હોય છે. આ સિવાય ઠંડી-ગરમી બધું સહન કરવું પડે છે.

### ગુજકેટની પરીક્ષા માટે ૧૬ જાન્યુ.૨૦૨૪ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

। ગાંધીનગર, તા.૩ ।

ગુજકેટની પરીક્ષાને લઈ મહત્વની અપડેટ સામે આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી, ડિપ્લોમાં ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા A, B અને AB ગ્રૂપના HSC વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ-૨૦૨૪ની પરીક્ષા માટેની માહિતી પુસ્તીકા અને ઓનલાઈન અરજી આજથી એટલે કે, ૨ જાન્યુઆરીથી ૧૬ જાન્યુઆરી ૨૦૨૪ સુધી કરી શકાશે આપને જણાવીએ કે, ગુજકેટ ૨૦૨૪ની પરીક્ષાનું આવેદનપત્ર બોર્ડની વેબસાઈટ www.gseb.org તથા gujcᵃ.gseb.org પર તારીખ ૧૬ જાન્યુઆરી સુધીમાં ઓનલાઈન ભરી શકાશે. અત્રે ફીની વાત કરીએ કો આ પરીક્ષા માટે ફી. રૂપિયા ૩૫૦ એસબીઆઈ પે સિસ્ટમ મારફતે અથવા તો એસબીઆઈ બ્રાન્ચ પેમેન્ટ ઓપ્શન દ્વારા દેશની કોઈ પમ એસબીઆઈ બ્રાન્ચની ભરી શકાશે.

### વિશેષ — વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી ભારતને મજબૂત અને વિકસિત રાષ્ટ્ર બનાવવાની એક ચળવળ શરૂ થઈ છે

# કેન્દ્રીય રાજ્ય નાણામંત્રી ભાગવત કરાડ જૂનાગઢના નવાગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થયા

। (માહિતી બ્યુરો) જૂનાગઢ ।

કેન્દ્રીય રાજ્ય નાણામંત્રી શ્રી ભાગવત કરાડ જૂનાગઢના નવાગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થતા જણાવ્યું કે, આ યાત્રાના માધ્યમથી ભારતને મજબૂત અને વિકસિત રાષ્ટ્ર બનાવવાની એક ચળવળ શરૂ થઈ છે. ત્યારે વિકસિત રાષ્ટ્રના નિર્માણ માટે શાસન, પ્રશાસનની સાથે તેમણે જનતા ભાગીદારી ખૂબ જરૂરી ગણાવી હતી. આ પ્રસંગે તેમણે કેન્દ્ર રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરતા કહ્યું કે, ભારત દુનિયાનું માર્ગદર્શિત કરનારું અને અગ્રીમ હરોળનું રાષ્ટ્ર બને તે માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સૌના સાથ, વિશ્વાસ અને પ્રયાસ સાથે કામ કરવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રીશ્રી છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં ખૂબ મોટા સકારાત્મક બદલાવ લાવ્યા છે. તેમણે આ બદલાવોનો ઉલ્લેખ કરવાની સાથો સાથ જન કલ્યાણકારી યોજનાઓનો લાભ લોકો સુધી લાભ પહોંચ્યાનો પ્રતિભાવ મેળવતા કહ્યું કે, પ્રધાનમંત્રી જન ધન યોજનાના માધ્યમથી દેશના ૫૨ કરોડ લોકોના બેંક ખાતા ખોલવામાં આવ્યા છે. જેમાં રૂ. ૨ લાખ ૪૦ હજાર કરોડ જમા છે. આ બેંક ખાતાના માધ્યમથી પારદર્શક રીતે લોકોને વિવિધ યોજનાઓ હેઠળની સહાય મળે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગ્રામીણ વિકાસ માટે કેન્દ્ર-રાજ્ય સરકારની યોજનાઓનો લાભ મેળવી તે પણ જરૂરી છે. જલ જીવન મિશન હેઠળ ગામ અને લોકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહ્યું છે, આયુષ્માન ભારત કાર્ડ દ્વારા લોકોને આવશ્યકતા પડ્યે ૧૦ લાખ સુધીની વિનામૂલ્યે તબીબી સેવાઓ મળે છે, જેથી લોકો દેવામાં ગળકાવ થતા પણ બચે છે. ખેડૂતો માટે






કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ધિરાણની સુવિધા, પ્રધાનમંત્રી આવાસ યોજનાના માધ્યમથી દરેકને પાકું ઘર, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાના થકી નિશુલ્ક અનાજ ઉપરાંત વન નેશન - વન રેશન અંતર્ગત ગરીબોને દેશના કોઈપણ ખૂણેથી અનાજ મળે તેવી પણ સુવિધા કરવામાં આવી છે.

આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા ઝારખંડથી બિરસા મુંડા જન્મ જયંતિના ૧૫ નવેમ્બરના રોજ પ્રધાનમંત્રીશ્રીએ શરૂઆત કરી હતી, જે સમગ્ર દેશમાં ૨૬ જાન્યુઆરી સુધી ચાલશે. આ યાત્રાના રથને વિકાસ અને શ્રી મોદીની ગેરંટી વાળી ગાડી તરીકે પણ ઓળખવામાં આવે છે. જે દેશના અંદાજે ૨.૭૦ ગામો અને ૪૧૦૦ માં જેટલા શહેરોમાં ફરીને લોકો સુધી જનકલ્યાણકારી યોજનાઓની જાણકારી પહોંચાડશે. આમ, આ યાત્રાના માધ્યમથી યોજનાઓનું ૧૦૦ ટકા સેચ્યુરેશનના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યા છીએ. ઉપરાંત મહિલા સશક્તિકરણની વાત કરતા દેશના સીમાડાના રક્ષણ કરવાની સાથે વિજ્ઞાન સહિતના દરેક ક્ષેત્રમાં આગળ વધી છે. ત્યારે મહિલાઓ સ્વ-સહાય જૂથ વગેરે યોજનાઓ દ્વારા આર્થિક ઉપાર્જન માટે આગળ વધશે. મંત્રીશ્રીએ અંતમાં અંગ્રેજ શાસનની ગુલામીની માનસિકતામાંથી બહાર આવી દેશની સાંસ્કૃતિક વિરાસતનું ગૌરવ લઈ, કર્તવ્ય અને નિષ્ઠાથી દેશને વિકસિત બનાવવામાં સહભાગી બનીએ. તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું કે, આઝાદીના અમૃતકાળ એટલે કે, દેશની સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી બાદ જ્યારે દેશની આઝાદીના ૧૦૦ વર્ષ થશે ત્યારે ભારત એક વિકસિત અને વિશ્વનું અગ્રીમ રાષ્ટ્ર બનીને ઉભરે તે માટે પ્રધાનમંત્રીશ્રીએ સ્વપ્ન સેવ્યું છે. આ માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી વિવિધ યોજનાઓના લાભો લોકો સુધી પહોંચાડવાની જવાબદારી સરકારે ઉપાડી છે. ત્યારે લોકો પણ એક જવાબદાર નાગરિક તરીકે વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી બને તે જરૂરી છે. તેમણે સમાજમાં પ્રવર્તતા દૂષણો ડામવા માટે અનુરોધ કરતા વિદ્યાર્થીઓને મોબાઈલના ઉપયોગથી અભ્યાસને અસર ન પહોંચે તેની તકેદારી લેવા જણાવ્યું હતું. ઉપરાંત પ્રાકૃતિક ખેતી અપનાવવા અને પ્લાસ્ટિક મુક્ત ભારત માટે આહવાન કર્યું હતું. અંતમાં નવાગામ પ્રાથમિક શાળાના શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષણકાર્ય માટે અભિનંદન આપ્યા હતા.

કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાની ફળશ્રુતિઓ આપતા જણાવ્યું કે, આ યાત્રા જિલ્લાના ૪૧૧ ગામોમાં ફરી ચૂકી છે. વિવિધ યોજનાઓના ૧૦૦ ટકા સેચ્યુરેશનના લક્ષ્યાંક સાથે પ્રશાસન દ્વારા કામ થઈ રહ્યું છે. આ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં ૧.૨૫ લાખથી વધુ લોકો સહભાગી બન્યા છે. ઉપરાંત ૫૫ હજાર જેટલા લોકોનું હેલ્થ ચેકઅપ અને ૩૦૦૦૦નું ટીબી સ્ક્રીનિંગ પણ કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, દેશના લોકોમાં એક વિશ્વાસના વાતાવરણનું નિર્માણ થયું છે. બહેનો પણ વિકાસની યાત્રામાં આર્થિક પ્રગતિ સાધી સહભાગી બનશે. જેથી વિકાસની ગતિને પણ વધુ ગતિ મળશે. અંતમાં તેમણે જનપ્રશ્નોના ઉકેલ માટે પણ તત્પરતા દર્શાવી હતી.

આ પ્રસંગે નવાગામના સરપંચ શ્રી મુળુભાઈ વાળાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમણે અંગ્રેજી ભાષામાં કરેલા આ સંબોધનને મહાનુભાવો અને ગ્રામજનોએ પણ તાળીઓથી વધાવી લીધું હતું.

### લેબનોને ઇઝરાયલ પર લગાવ્યો આરોપ

## બેરૂતમાં ડ્રોન હુમલામાં હમાસના ડિપ્ટી લીડર સાલેહનું મોત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

હમાસના ટોચના અધિકારી સાલેહ અરોરીનું મૃત્યુ થયું છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધ વચ્ચે હિઝબુલ્લાહના ટેલિવિઝન સ્ટેશને જણાવ્યું હતું કે બેરૂતના દક્ષિણમાં એક વિસ્ફોટમાં સાલેહનું મોત થયું છે.

રિપોર્ટ અનુસાર, દક્ષિણ બેરૂતમાં સાલેહ અરોરી પર ડ્રોન હુમલો થયો હતો. લેબનોનના વડાપ્રધાન નજીબ મિકાતીએ બેરૂત વિસ્ફોટ પાછળ ઈઝરાયલનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, સાલેહ અરોરીની હત્યાનો હેતુ લેબનોનના દક્ષિણ ભાગોમાં ચાલી રહેલા હુમલાઓમાં સામેલ કરવાનો હતો. અલ ઝઝીરાના અહેવાલ મુજબ, સાલેહ અરોરી હમાસના રાજકીય બ્યુરોના નાયબ વડા હતા અને પેલેસ્ટિનિયન જૂથની સશસ્ત્ર પાંખ કાસમ બ્રિગેડના સ્થાપકોમાંના એક હતા. તેમનો જન્મ ૧૯૬૬માં વેસ્ટ બેંકમાં થયો હતો. ઈઝરાયલની જેલમાં ૧૫ વર્ષ વિતાવ્યા બાદ સાલેહ અરોરી લાંબા સમયથી લેબનોનમાં નિર્વાસિત જીવન જીવી રહ્યા હતા.

### હમાસ સાથેના યુદ્ધની ઈઝરાયેલના વડાપ્રધાન પર અસર

## નેતન્યાહૂની લોકપ્રિયતા સાવ તળિયે પહોંચી ગઈ



। (એજન્સી) તેલ અવીવ, તા.૩ ।

ઈઝરાયેલે હમાસ સાથે શરૂ કરેલા જંગ બાદ ઈઝરાયેલના વડાપ્રધાન નેતાન્યાહૂની લોકપ્રિયતામાં કોઈ વધારો નથી થયો. ઉલટાનુ તેમની લોકપ્રિયતા તળિયે પહોંચી ચુકી છે. ઈઝરાયેલમાં થયેલા એક સર્વેના તારણો પ્રમાણે માત્ર ૧૫ ટકા લોકો જ યુધ્ધ બાદ વડાપ્રધાન તરીકે નેતાન્યાહૂને જોવા માંગે છે.

જોકે ઘણા બધા નાગરિકોએ ગાઝામાં હમાસને કચડી નાંખવાની દેશની નીતિનુ સમર્થન પણ કર્યુ છે. ઈઝરાયેલની ડેમોક્રસી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ઉપરોકત સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ૫૬ ટકા લોકોએ કહ્યુ હતુ કે, બંધકોને છોડાવવા માટે સૈન્ય કાર્યવાહી જ સૌથી સારો વિકલ્પ છે. જ્યારે ૨૪ ટકા લોકોએ કહ્યુ હતુ કે, બંધકોને પાછા લાવવા માટે ઈઝરાયેલની જેલમાં બંધ પેલેસ્ટાઈનના કેદીઓને છોડવા જોઈએ. સૌથી ચોંકાવનારૂ તારણ એ હતુ કે, માત્ર ૧૫ ટકા લોકોએ યુધ્ધ ખતમ થયા બાદ પીએમ તરીકે નેતાન્યાહૂએ ચાલુ રહેવુ જોઈએ તેમ કહ્યુ હતુ.

બીજી તરફ તેમના રાજકીય પ્રતિસ્પર્ધી અને હાલમાં યુધ્ધના સમર્થક બેની ગેટઝને ૨૫ ટકા લોકોએ સમર્થન આપ્યુ છે. જ્યારે ૩૦ ટકા લોકોએ નવા પીએમ તરીકે કોઈ નામ સૂચવ્યુ નહોતું. આ સર્વેમાં ૧૦૦૦ જેટલા લોકોને સામેલ કરવામાં આવ્યા હતા.

### ગોગામેડી હત્યા કેસમાં તપાસનો ધમધમાટ

## હરિયાણા-રાજસ્થાનમાં ૩૧ સ્થળે એનઆઈએના દરોડા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

કરણી સેના પ્રમુખ સુખદેવ સિંહ ગોગામેડીની હત્યા કેસમાં એનઆઈએએ હરિયાણા અને રાજસ્થાનમાં ૩૧ ઠેકાણે પર દરોડા પાડ્યા છે. ગૃહમંત્રાલય તાજેતરમાં જ એનઆઈએને હત્યાકાંડની તપાસ સોંપી હતી. વાસ્તવમાં હત્યાકાંડમાં હાઈ-પ્રોફાઈલ ગેંગસ્ટરનો હાથ હોવાની આશંકાના પગલે એનઆઈએને જવાબદારી સોંપી છે. હાલ એનઆઈએ શંકાસ્પદ લોકોની પૂછપરછ કરી રહી છે, ત્યારબાદ એનઆઈએએ દરોડા પાડવાના શરૂ કરી દીધા છે.

આ દરમિયાન સુખદેવ સિંહ ગોગામેડીની ૫ ડિસેમ્બરે ગોળીમારી હત્યા કરી દેવામાં આવી હતી. તેમના નિવાસસ્થાને જ ઘટનાને અંજામ અપાયો હતો. હત્યાકાંડની ઘટના પણ સીસીટીવીમાં સામે આવી હતી. ગોગામેડીની હત્યાની જવાબદારી લૉરેન્સ બિશ્નોઈ ગેંગના ગેંગસ્ટર રોહિત ગોદારાએ લીધી હતી. તેણે ફેસબુક પર પોસ્ટ કરી હત્યામાં તેનો હાથ હોવાની કબૂલાત કરી હતી. અહેવાલો મુજબ હત્યાના થોડા મહિના પ હેલા ગોદારાએ દુબઈના નંબર પરથી ગોગામેડીને કૉલ કરી હત્યાની ધમકી આપી હતી.

### આરોગ્ય મંત્રાલયે આઈસીયુની ગાઈડલાઈન જાહેર કરી

## દર્દીને આઈસીયુમાં દાખલ કરવા પરિવારજનોની મંજૂરી જરૂરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આઈસીયુમાં દાખલ કરવાના પોતાની હાલની ગાઈડલાઈનમાં જણાવ્યું છે કે, હોસ્પિટલ ગંભીર રીતે બીમાર દર્દીઓને તેમના અથવા તેમના પરિવારજનોના ઈનકાર કરવા પર આઈસીયુમાં દાખલ ન કરી શકે. ૨૪ એક્સપર્ટસ દ્વારા તૈયાર કરવામાં આવેલા દિશા-નિર્દેશોમાં અનેક ભલામણ કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, જો ગંભીર રીતે બીમાર દર્દી અથવા બીમારીની સારવાર શક્ય ન હોય અથવા ઉપલબ્ધ ન હોય અને થઈ રહેલી સારવારની કોઈ અસર નથી થવાની અને ખાસ કરીને દર્દીના જીવિત રહેવાની દ્રષ્ટિએ તો તે દર્દીને આઈસીયુમાં રાખવું એ નિરર્થક સંભાળ રાખવા બરાબર છે. ગાઈડલાઈનમાં કહેવામાં આવ્યું છે કે, જો કોઈ દર્દી અથવા દર્દીના પરિવારજનો આઈસીયુમાં દેખરેખની વિરુદ્ધ છે તો તે દર્દીને આઈસીયુમાં દાખલ ન કરવો જોઈએ. કયા દર્દીઓને આઈસીયુમાં રાખવામાં આવે છે. મહામારી અથવા આપત્તિની સ્થિતિમાં જ્યારે સંસાધનો મર્યાદિત હોય ત્યારે દર્દીને આઈસીયુમાં રાખવા માટે નિમ્ન પ્રાથમિકતાના માપદંડો ધ્યાનમાં રાખવા જોઈએ.

### હિટ એન્ડ રન કેસમાં ૨૫ થી ૩૦ હજાર લોકો જીવ ગુમાવે છે

# ભારતમાં દર વર્ષે અકસ્માતમાં દોઢ લાખ લોકોના મોત થાય છે

**૨૦૦૫થી ભારતમાં દર વર્ષે લગભગ સાડા ચાર લાખ માર્ગ અકસ્માતો થઈ રહ્યા છે, જ્યારે લોકડાઉન લાદવામાં આવ્યું ત્યારે આ આંકડો ચાર લાખની નીચે ગયો હતો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારત એવા દેશોમાં સામેલ છે જ્યાં હિટ એન્ડ રનના કેસ સૌથી વધુ છે અને મોત પણ સૌથી વધુ થાય છે. ભારતમાં દર વર્ષે લગભગ સાડા ચાર લાખ માર્ગ અકસ્માત થાય છે, જેમાં દોઢ લાખ લોકોના મોત થાય છે. હિટ એન્ડ રન કેસમાં ૨૫ થી ૩૦ હજાર લોકો જીવ ગુમાવે છે. હવે સરકારે ભારતીય ન્યાયિક સંહિતા ૨૦૨૩માં હિટ એન્ડ રન કેસમાં કડક નિયમો બનાવ્યા છે. આ કાયદાના વિરોધમાં દેશભરમાં ટ્રક અને બસ ડ્રાઈવરો રસ્તા પર ઉતરી આવ્યા હતા.

દિલ્હી, યુપી, બિહાર, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિત તમામ રાજ્યોના ડ્રાઈવરો હડતાળ પર ઉતર્યા હતા. 'હિટ એન્ડ રન' એ માર્ગ અકસ્માતનો એક પ્રકાર છે જેમાં વાહનથી અન્ય વાહન, વ્યક્તિ અથવા વસ્તુ સાથે અથડાયા પછી ડ્રાઈવર પકડાઈ જવાના ડરથી, રોકાયા વિના અથવા મદદ કરવાનો પ્રયાસ કર્યા વિના ઘટનાસ્થળેથી ભાગી જાય છે. ઉદાહરણ તરીકે જો કોઈ વાહન કોઈ વ્યક્તિને ટક્કર મારે અથવા કચડી નાખે અને પછી ડ્રાઈવર ઈજાગ્રસ્ત વ્યક્તિને મદદ કર્યા વિના અકસ્માત સ્થળ પરથી ભાગી જાય. આ એક ગુનાહિત મામલો છે. આવી ઘટનાઓને રોકવા માટે કાયદો બનાવવામાં આવ્યો છે.



પરંતુ હવે પહેલા કરતા વધુ કડક કાયદો બનાવવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તાજેતરમાં સંસદ દ્વારા પસાર કરાયેલા ત્રણ નવા ફોજદારી ન્યાય બિલને મંજૂરી આપી હતી. આ ત્રણેય બિલો હવે કાયદા બની ગયા છે. ટૂંક સમયમાં આ નવા કાયદા IPCના જૂના કાયદાનું સ્થાન લેશે.

તેમાંથી ભારતીય ન્યાયિક સંહિતાની એક જોગવાઈ 'હિટ એન્ડ રન'નો વિરોધ થઈ રહ્યો છે. અગાઉ, જૂના કાયદા મુજબ, હિટ એન્ડ રનના કિસ્સામાં જો બેદરકારીથી વાહન ચલાવવામાં, બેદરકારીને કારણે કોઈનું મૃત્યુ થાય અથવા કોઈના જીવને જોખમમાં મૂકાય તો કલમ ૨૭૯, 304A, ૩૩૮ હેઠળ કાર્યવાહી કરવામાં આવતી હતી, જેમાં મહત્તમ સજાની જોગવાઈ બે વર્ષની જેલની હતી. એટલું જ નહીં, આરોપીને તરત જ જામીન પણ મળી જાય છે. હવે, ભારતીય ન્યાયિક સંહિતાની કલમ ૧૦૪(૨) હેઠળ હિટ એન્ડ રન કેસમાં આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિ બેદરકારી કે બેફામ ડ્રાઈવિંગને કારણે મૃત્યુ પામે છે અને આરોપી ડ્રાઈવર પોલીસને જાણ કર્યા વિના સ્થળ પરથી ફરાર થઈ જાય છે તો તેને ૧૦ વર્ષ સુધીની સજા થઈ શકે છે. તમારે ૭ લાખ રૂપિયાનો દંડ પણ ભરવો પડી શકે છે. જો આરોપી ડ્રાઈવર અકસ્માત સ્થળ પરથી ભાગી ન જાય તો પણ તેને પાંચ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. બંને કેસ બિનજામીનપાત્ર છે અને સૌથી મહત્વની વાત એ છે કે આરોપી ડ્રાઈવરને પોલીસ સ્ટેશનમાંથી જામીન મળશે નહીં.

જો આપણે કેન્દ્રીય પરિવહન મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા તાજેતરના ડેટા પર નજર કરીએ તો આપણને જાણવા મળશે કે ૨૦૨૧ની સરખામણીમાં ૨૦૨૨માં હિટ એન્ડ રનના ૧૭ ટકા વધુ કેસ નોંધાયા છે. આમાં મૃત્યુઆંક ગયા વર્ષની સરખામણીએ ૧૭ ટકા વધુ છે. ઘાયલોની સંખ્યામાં પણ ૨૦ ટકાનો વધારો થયો છે. ૨૦૦૫થી ભારતમાં દર વર્ષે લગભગ સાડા ચાર લાખ માર્ગ અકસ્માતો થઈ રહ્યા છે. ફક્ત ૨૦૨૦ માં જ્યારે દેશવ્યાપી લોકડાઉન લાદવામાં આવ્યું ત્યારે આ આંકડો ચાર લાખની નીચે ગયો હતો. તે સમયે દેશમાં ૩ લાખ ૭૨ હજાર ૧૮૧ અકસ્માતો થયા હતા, જેમાં ૧,૩૮,૩૮૩ લોકોએ જીવ ગુમાવ્યા હતા.




લક્ષદ્વીપમાં કાવરત્તી ખાતે વડાપ્રદાન નરેન્દ્ર મોદીનું લોકો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## અફઘાનિસ્તાનમાં ૩૦ મિનિટમાં બે વખત ભૂકંપ

। (એજન્સી) કાબુલ, તા.૩ ।

જાપાન અને મ્યાનમાર બાદ હવે અફઘાનિસ્તાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. અફઘાનિસ્તાનમાં ૩૦ મિનિટની અંદર બે વખત ભૂકંપ આવતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. અહીં પ્રથમ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૪ માપવામાં આવી હતી જ્યારે બીજા ભૂકંપની તીવ્રતા ૪.૮ રહી હતી.

નેશનલ સિસ્મોલોજી સેન્ટરના જણાવ્યા અનુસાર પહેલો ભૂકંપ મોડી રાત્રે ૧૨.૨૮ મિનિટ અને ૫૨ સેકન્ડે આવ્યો હતો. આ આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૪ની તીવ્રતા માપવામાં આવી હતી. આ ભૂકંપનું કેન્દ્ર ભૂગર્ભમાં ૮૦ કિમી ઊંડે હતું. તેનું સ્થાન ફૈઝાબાદના ૧૨૬ કિ.મી. દૂર પૂર્વમાં હતું. જ્યારે બીજો ભૂકંપ ૧૨:૫૫ મિનિટ અને ૫૫ સેકન્ડે આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૮ માપવામાં આવી હતી.



તેનું કેન્દ્ર ફૈઝાબાદ શહેરથી ૧૦૦ કિલોમીટર દૂર હતું. જો કે અફઘાનિસ્તાનમાં આ ભૂકંપને કારણે કોઈ જાનહાનિ થઈ છે કે કેમ તે હજી જાણી શકાયું નથી.

## દેશમાં ચોવિસ કલાકમાં કોરોનાના ૬૦૨ કેસ નોંધાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દેશમાં ફરી એકવાર કોરોના ડરામણો સ્વરૂપ ધારણ કરી રહ્યો હોય તેવું દેખાય છે. આજે ફરી એકવાર કોરોનાના કેસમાં વધારો નોંધાયો છે. દેશમાં એક દિવસમાં નવા ૬૦૨ કેસ નોંધાયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાનુસાર દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૬૦૨ નવા કેસ સામે આવ્યા. જોકે ૫ લોકોના મૃત્યુ થયા હતા. દેશમાં કોરોનાના કુસ એક્ટિવ કેસની સંખ્યા પણ હવે ૪૪૪૦ થઈ ચૂકી છે. માહિતી અનુસાર એક દિવસ પહેલા એટલે કે ૨ જાન્યુઆરીએ ૫૭૩ નવા કેસ નોંધાયા હતા. જોકે બે લોકો મૃત્યુ પામ્યા હતા. તેના પહેલા ૧ જાન્યુઆરીએ દેશમાં ૬૩૬ નવા કેસ સામે આવ્યા હતા અને ૩ લોકોએ જીવ ગુમાવ્યા હતા. બીજી બાજુ કર્ણાટકમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧ દર્દીનું મોત નીપજ્યું, જ્યારે કુલ ૧૪૮ પોઝિટિવ કેસ સામે આવ્યા હતા.

# કેજરીવાલે ઈડીના સમન્સ પર આશ્ચર્ય વ્યક્ત કર્યું

**દિલ્હીમાં રાજ્યસભાની ચૂંટણી છે, આપના રાષ્ટ્રીય સંયોજક તરીકે હું તેમાં વ્યસ્ત છું : અરવિંદ કેજરીવાલ**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ એક્સાઈઝ પોલિસી મામલે પૂછપરછ માટે ત્રીજી વખત ઈડીસમક્ષ હાજર નથા થયા. આ સાથે જ કેજરીવાલે ઈડીના સમન્સનો જવાબ આપતા કહ્યું છે કે, દિલ્હીમાં રાજ્યસભાની ચૂંટણી છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક તરીકે હું તેમાં વ્યસ્ત છું. દિલ્હીના મુખ્યમંત્રી હોવાના કારણે હું ૨૬ જાન્યુઆરીની તૈયારીમાં પણ વ્યસ્ત છું પરંતુ જો તમે સવાલોની યાદી મોકલવા માંગતા હોય તો હું તેનો જવાબ આપીશ. કેજરીવાલે ઈડીને આપેલા જવાબમાં બીજું શું કહ્યું. હું આશ્ચર્યચકિત છું કે તમે મારા દ્વારા ઉઠાવેલા વાંધાઓનો જવાબ ન આપ્યો અને અગાઉના સમન્સ જેવું જ સમન્સ ફરીથી પાઠવ્યું. હું એ માનું છું કે, તમારી પાસે આ સમન્સનું કોઈ જસ્ટિફિકેશન નથી.



ઈડીનો વ્યવહાર મનસ્વી અને બિન પારદર્શક છે. પહેલાની જેમ જ હું ફરીથી કહું છું કે, હું કાયદાનું સમ્માન કરું છું અને તપાસમાં સહયોગ આપવા માટે તૈયાર છું. તમારું મૌન નિહિત સ્વાર્થની પુષ્ટિ કરે છે. હું એવા ઘણાં મામલા વિશે જાણું છું જેમાં ઈડીસમન્સ મેળવનાર વ્યક્તિના પૂછવા પર વિગતવાર સ્પષ્ટીકરણ આપે છે. હું ફરીથી માંગ કરું છું કે, તમે મારા સવાલોના જવાબ આપો જેથી કરીને હું આ તપાસના ઉદ્દેશ્ય વિસ્તારને યોગ્ય રીતે સમજી શકું. દરેક વખતે સમન્સ મારા સુધી પહોંચતા પહેલા મીડિયામાં પહોંચી જાય છે. તેનાથી સવાલ ઉઠે છે કે, આ સમન્સનો ઉદ્દેશ્ય કોઈ તપાસ કરવાનો છે કે, પછી મારી પ્રતિષ્ઠાને કલંકિત કરવાનો છે. દિલ્હીમાં રાજ્યસભાની ચૂંટણી છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક તરીકે હું તેમાં વ્યસ્ત છું

## રોહિત શર્મા-કોહલીએ ટીર૦ વર્લ્ડ કપ રમવાની ઈચ્છા વ્યક્ત કરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારતીય ક્રિકેટ ટીમના ચાહકો માટે એક સારા સમાચાર આવી રહ્યા છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીએ જૂનમાં યોજાનાર ટીર૦ વર્લ્ડ કપ૨૦૨૪માં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આવી સ્થિતિમાં, હવે અજીત અગરકરની આગેવાની હેઠળની ભારતીય ટીમની પસંદગી સમિતિએ અફઘાનિસ્તાન સામેની ટીર૦ માટે ટીમની પસંદગી કરતા પહેલા મંથન કરવું પડશે. આ બંને ખેલાડીઓએ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ટીર૦ વર્લ્ડ કપ૨૦૨૪નો ભાગ બનવા માંગે છે. હાલ બે પસંદગીકાર શિવ સુંદર દાસ અને સલિલ અંકોલા સાઉથ આફ્રિકામાં છે, જ્યારે કેપ ટાઉનના ન્યુલેન્ડ્સમાં રમાનાર બીજી ટેસ્ટ દરમિયાન અધ્યક્ષ અજીત અગરકર પણ તેમની સાથે જોડાશે. રોહિત અને કોહલીએ ૧૦ નવેમ્બર,૨૦૨૨ના રોજ એડીલેડમાં ઈંગ્લેન્ડ સામે ટીર૦ વર્લ્ડ કપની સેમિફાઈનલ મેચ બાદ ભારત માટે એક પણ ટીર૦ મેચ રમી નથી. આવી સ્થિતિમાં એવા અનુમાનો લગાવવામાં આવી રહ્યા છે કે અગરકર અફઘાનિસ્તાન સામે રમાનાર ટીર૦ સીરિઝ માટે ટીમનું એલાન કરતા પહેલા ભારતીયટીમના હેડ કોચ રાહુલ દ્રવિડની ઉપરાંત રોહિત શર્મા અને વિરાટ કોહલી સાથે વાતચીત કરશે. હવે જોવાનું એ રહે છે કે અગરકર અને અન્ય પસંદગીકારો અફઘાનિસ્તાન સામે મોહાલીમાં ૧૧ જાન્યુઆરીથી શરૂ થનારી ટીર૦ સીરિઝ માટે રોહિત અને કોહલી બંનેની પસંદગી કરશે કે પછી આઈપીએલદરમિયાન તેમના ફોર્મ અને ફિટનેસના આધારે સીધો જ તેમને ટીમમાં સામેલ કરશે. વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએમાં યોજાનાર આઈસીસીટીર૦ વર્લ્ડ કપ૨૦૨૪ પહેલા આઈપીએલમાં લગભગ ૩૦ ટીર૦ સ્પેશિયાલિસ્ટ ખેલાડીઓને મોનિટર કરવામાં આવશે. આવી સ્થિતિમાં એવી સંભાવના છે કે આઈપીએલના બે મહિના દરમિયાન ઓછામાં ઓછા ૨૫થી ૩૦ ખેલાડીઓને પસંદ કરવામાં આવશે અને તેમનાં પ્રદર્શનને મોનિટર કરવામાં આવશે.

## યુએઈનો પાસપોર્ટ વિશ્વનો સૌથી શક્તિશાળી, ભારતનો પાસપોર્ટ ૭૭મા ક્રમે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

નવુ વર્ષ શરૂ થતા જ દુનિયાના વિવિધ દેશોના પાસપોર્ટનુ રેક્િંગ પણ જાહેર થયુ છે. લેટેસ્ટ રેક્િંગમાં યુએઈએ સૌથી સારો દેખાવ કર્યો છે અને પાકિસ્તાનનો પાસપોર્ટ રેક્િંગમાં વધારે નીચે ગયો છે. યુએઈના પાસપોર્ટને દુનિયાના સૌથી શક્તિશાળી પાસપોર્ટનો દરજ્જો મળ્યો છે. યુએઈના પાસપોર્ટ ધારકોને દુનિયાના ૧૩૦ દેશોમાં વિઝા ફ્રી એન્ટ્રી મળી રહી છે. યુએઈનો મોબિલિટી સ્કોર ૧૮૦ ગણવામાં આવ્યો છે. તેની સામે પાકિસ્તાનને ૪૭ મોબિલિટી સ્કોર મળ્યો છે. પાકિસ્તાનના પાસપોર્ટને આ રેક્િંગમાં છેલ્લેથી પાંચમુ સ્થાન મળ્યુ છે. ભારતીય પાસપોર્ટ ૭૭મા સ્થાને છે. ગ્લોબલ સિટિઝનશિપ ફાઈનાન્સિયલ એડવાઈઝરી કંપની દ્વારા આ રેક્િંગ જાહેર કરવામાં આવ્યુ છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે, યુએઈના પાસપોર્ટ ધારકોને ૧૩૦ દેશોમાં વિઝા લીધા વગર યાત્રા કરવાની છૂટ છે. જ્યારે ૫૦ દેશો યુએઈના નાગરિકોને વિઝા ઓન એરાઈવલ આપે છે. આમ યુએઈનો પાસપોર્ટ અત્યારે લિસ્ટમાં પહેલા ક્રમે છે. જેની પાછળ યુએઈ સરકારની ડિપ્લોમસી જવાબદાર છે. આ લિસ્ટમાં બીજા ક્રમે જર્મની, સ્પેન, ફ્રાંસ, નેધરલેન્ડ અને ઈટાલીના પાસપોર્ટ છે. આ તમામ દેશોને ૧૭૮ મોબિલિટી સ્કોર મળ્યો છે. જેનો અર્થ એ થયો કે, આ દેશના નાગરિકો દુનિયાના ૧૭૮ દેશમાં વિઝા ફ્રી અથવા તો વિઝા ઓન એરવાઈલ એન્ટ્રીની સુવિધા મેળવે છે. જ્યારે ત્રીજા ક્રમે સ્વીડન ફિનલેન્ડ, લક્ઝમબર્ગ, ઓસ્ટ્રિયા અને સ્વિત્ઝરલેન્ડના પાસપોર્ટ છે. જેના નાગરિકોને ૧૭૭ દેશમાં જવાની પરવાનગી છે. પાકિસ્તાનનો પાસપોર્ટ ધરાવતા લોકો દુનિયામાં માત્ર ૧૧ દેશોમાં વિઝા ફ્રી એન્ટ્રી મેળવી શકે છે. આ લિસ્ટમાં પાકિસ્તાનનો પાસપોર્ટ માત્ર સોમાલિયા, અફગાનિસ્તાન, ઈરાક અને યુધ્ધ ગ્રસ્ત સિરિયાથી જ ઉપર છે. પાકિસ્તાનની કંગાળ હાલત અને આતંકવાદી દેશની ઈમેજના કારણે પાકિસ્તાની પાસપોર્ટની પણ પ્રતિષ્ઠાનુ ધોવાણ થઈ ગયુ છે. ભારતના પાસપોર્ટનો મોબિલિટી સ્કોર ૭૭ છે. ભારતીય નાગરિકોને ૨૬ દેશોમાં વિઝા ફ્રી એન્ટ્રી મળે છે અને ૫૧ દેશોમાં વિઝા ઓન એરાઈવલની સુવિધા છે. ૧૨૧ દેશો એવા છે જ્યાં જવા માટે ભારતીય પાસપોર્ટ ધારકોએ પહેલેથી વિઝા લેવા પડે છે.

## તંત્રી લેખ...

# શેરબજારમાં ઘણો ઉતાર-ચઢાવ

બીએસઈસેન્સેક્સ અને એનએસઈનિફ્ટીમાં ઘણી નબળાઈ નોંધાઈ છે. બીએસઈસેન્સેક્સ ૫૩૬ પોઈન્ટની નબળાઈ સાથે ૭૧ ૩૫૬ ના સ્તરે બંધ થયો છે જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૪૯ પોઈન્ટની નબળાઈ સાથે ૨૧૫૧૬ ના સ્તર પર બંધ થયો છે. બજાજ ઓટોના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે કહ્યું છે કે તેઓ ૮ જાન્યુઆરીએ શેર બાય બેકના મુદ્દા પર વિચારણા કરવા જઈ રહ્યા છે. શેરબજારમાં ટોપ લૂઝર્સની યાદીમાં આઈટી અને મેટલ સેક્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. શેરબજારના નિષ્ણાતોનું કહેવું છે કે વિપ્રોના શેર સાપ્તાહિક ચાર્ટ પર કપ એન્ડ હેન્ડલ પેટર્ન બનાવી રહ્યા છે, જેના કારણે જાન્યુઆરીમાં વિપ્રોના શેર ૫૨ સપ્તાહની ટોચે પહોંચી શકે છે. બુધવારે શેરબજારના કામકાજમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો હતો. દિવસના ટ્રેડિંગમાં એનએસઈનિફ્ટીએ ૨૦૦ પોઈન્ટની રેન્જમાં ટ્રેડિંગ કર્યું હતું. નિફ્ટી મંગળવારે ૨૧,૬૬૫ પર બંધ થયો હતો જે બુધવારે ૨૧,૫૦૦ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. શેરબજારના સૂચકાંકોની વાત કરીએ તો, નિફ્ટી મિડકેપ ૧૦૦ અને બીએસઈ સ્મોલ કેપ લીલા રંગમાં કામ કરી રહ્યા હતા જ્યારે નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક સૂચકાંકો નબળાઈ નોંધાવી રહ્યા હતા. બુધવારે બજાજ ઓટો, અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી પોર્ટ્સ અને ઈન્ડસઈન્ડ બેંકના શેર લીલા નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે હિન્દાલ્કો, જેએસડબ્લ્યુ સ્ટીલ, ઈન્ફોસિસ અને એલટીઆઈ માઈન્ડ ટ્રીના શેરમાં નબળાઈ જોવા મળી હતી. બુધવારે ગૌતમ અદાણી ગ્રૂપને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળ્યા બાદ અદાણી ગ્રૂપની તમામ લિસ્ટેડ કંપનીઓના શેરમાં બમ્પર વધારો નોંધાયો હતો. અદાણી એનર્જી સોલ્યુશન્સ ૧૧ ટકા, અદાણી ટોટલ ગેસ ૧૦ ટકા, અદાણી ગ્રીન એનર્જી અને અદાણી પાવર ૫ ટકા, અદાણી વિલ્મર અને એનડીટીવી ૪ ટકા, અદાણી એન્ટરપ્રાઈઝ ૨ ટકા, અદાણી પોર્ટ્સ અને અંબુજા સિમેન્ટ એકથી એક અને અડધા ટકા. એસીસીસિમેન્ટના શેરમાં પણ નજીવો વધારો નોંધાયો હતો. મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો, પતંજલિ ફૂડ, મુથુટ ફાઈનાન્સ, આઈઆરસીટીસી, ગરવારે ટેકનિકલ ફાઈબર, એક્સિસ બેંક, ગાર્ડન રીચ શિપ બિલ્ડર, દેવયાની ઈન્ટરનેશનલ, આઈસીઆઈસીઆઈ બેન્કના શેરમાં થોડો વધારો થયો હતો, જ્યારે ફેડરલ બેંક, ટાટા મોટર્સ, જીઆઈ કાર્ડ, બજાજ ફાઈનાન્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, મારુતિ સુઝુકી, એચડીએફસીબેંક અને ઈન્ફોસિસના શેરમાં નબળાઈ નોંધાઈ રહી છે.

## નવસારી કૃષિ યુનિવર્સિટીનો ૧૯મો વાર્ષિક દીક્ષાંત સમારોહ યોજાયો

## કૃષિ વૈજ્ઞાનિકો પ્રાકૃતિક કૃષિક્ષેત્રે નૂતન સંશોધનો કરી કૃષિ સમૃદ્ધિનો નવો માર્ગ કંડારે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી



। (માહિતી) ગાંધીનગર ।

નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે ૧૯મો પદવીદાન સમારોહ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં યોજાયો હતો. તેમની સાથે ગુજરાત રાજયના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નવસારી કૃષિ યુનિવર્સિટીના ૧૯ મા દીક્ષાંત સમારોહમાં પદવીધારક યુવાઓને શુભકામના પાઠવી કૃષિ વૈજ્ઞાનિકોને આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, કૃષિ વૈજ્ઞાનિકો પ્રાકૃતિક કૃષિક્ષેત્રે નૂતન સંશોધનો કરી કૃષિ સમૃદ્ધિનો નવો માર્ગ કંડારે. રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ નેતૃત્વમાં કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે સમયની માંગ અને પડકારોને મૂલવી પરિવર્તન માટે સજ્જ થવું પડશે. રાસાયણિક કૃષિના દુષ્પરિણામો સામે આવી રહ્યાં છે. રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના અંધાધુંધ ઉપયોગથી જળ, જમીન અને પર્યાવરણ પ્રદુષિત થઈ રહયાં છે. જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. કૃષિ ખર્ચ સતત વધી રહયો છે અને ઉત્પાદન ઘટી રહયું છે. જેના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે. ખેતી અને ખેડૂતની સમૃદ્ધિ માટે રાસાયણિક કૃષિના વિકલ્પને શોધવો આજના સમયની માંગ છે, ત્યારે પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે અપનાવવાથી કૃષિક્ષેત્રે નવી ક્રાંતિ આવશે. તેમણે સમર્થ અને સશકત રાષ્ટ્રનાં નિર્માણમાં સહયોગી બનવા અનુરોધ કર્યો હતો. ગુજરાતમાં નવ લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા છે, તેનો ઉલ્લેખ કરી રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકારની પ્રોત્સાહક નીતિને કારણે ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિના જનઆંદોલનને નવું બળ મળ્યું છે. રાજયપાલશ્રીએ આ પ્રસંગે પદવી પ્રાપ્ત કરનારા યુવા વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી, યુવા છાત્રોને આજીવન વિદ્યાર્થી બની કોલેજ શિક્ષણ દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે માત્ર સ્વઉત્કર્ષ માટે જ નહીં, પણ લોકકલ્યાણ અને રાષ્ટ્રના નિર્માણ માટે પણ ઉપયોગી થાય તેવો પુરૂષાર્થ કરવા આહ્વાન કર્યું હતું. કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કૃષિ વિદ્યાલયના વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે, ઉદ્યમી જગતના તાતની આવક વધે તથા કૃષિક્ષેત્રે સંશોધનને પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકાર પગલાં લઈ રહી છે. પ્રધાનમંત્રીશ્રીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ બન્યું છે. વિકસિત ભારત માટે કૃષિ અને કૃષિકારો આત્મનિર્ભર બને તે જરૂરી છે. સરકાર દ્વારા કૃષિકારોના કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અમલી છે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી રાસાયણિક ખાતર મુક્ત કૃષિ ઉપજ પેદા કરવા કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે અનુરોધ કર્યો હતો. પ્રારંભમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ઝેડ.પી.પટેલે સ્વાગત પ્રવચન કરી યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યવાહીની ઝાંખી કરાવી હતી.

# મંદિર તારું વિશ્વ રૂપાળું! એ પ્રાર્થના થકી સમગ્ર સૃષ્ટિમાં વસતાં સચરાચર જીવને ઈશ્વર સમજીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હાલ આખાં વિશ્વની નજર આયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા પર છે. સો ટકા એ મંદિર એક ઐતિહાસિક સ્થળ બની રહેશે અને વિશ્વના તમામ લોકો એકવાર આયોધ્યા આવવા વિવશ થશે પણ આપણી સંસ્કૃતિ તો હાલત ચાલતા મંદિર મહેરામણ અને એમાં વસતી જીવંત મૂર્તિનું દર્શન કરનારી છે. ઈશ્વર કરે આયોધ્યામા રામ મંદિરની ઘટના સૌનાં અંતર માં પડેલા રામ તત્વને જગાડે! જોકે આપણે તો એ ભાવ જાગે એવી સાર્વજનિક પ્રાર્થના કરી શકીએ! કારણકે પ્રાર્થના એ એક એવો ઘંટ છે કે, જેનાથી ઈશ્વર પણ એ તરફ જોવા વિવશ થાય છે, અને ભક્ત પણ ઈશ્વર તરફ જુવે છે.

કોઈપણ જગ્યાએ ક્યાંક પ્રાર્થના ગવાતી હોય એટલે કે કોઈ સ્કૂલ કે એની નજીક આપણે રહેતા હોઈએ, તો જ્યારે પણ પ્રાર્થના ગવાય ત્યારે આપણું મન તે તરફ ખેંચાય જ છે, અને અનાયસ એ ઉદગાર આપણા મોઢામાંથી નીકળી જાય છે. એ બતાવે છે કે પ્રાર્થના એ સૌના હૃદયને પવિત્ર કરનારુ ઝરણું છે. આમ તો બીજે ક્યાંય ઈશ્વરને શોધવાની જરૂર જ ક્યાં છે! સૃષ્ટિ તરફ જરાક નજર કરીએ તો સમગ્ર સૃષ્ટિ એ એક મંદિરમાં વસતા દેવથી પણ વિશેષ લાગે છે. અથવા તો મૌન મૂર્તિ કરતા આ જીવંત મૂર્તિઓનું મંદિર વધુ રૂપાળું લાગે છે એમ કહી શકાય. મારી તમારી કે પછી સંસારમાં વસતી દરેક વ્યક્તિની વ્યથા એ એકમાત્ર પ્રાર્થનાથી જ દૂર થઈ શકે એમ છે. આપણને કોઈ પણ પ્રકારના અભાવો હોવાનું કારણ પણ આપણે પોતે જ છીએ, નહીં તો આ સૃષ્ટિમાં શું નથી!! દિવસ-રાત સતત થાક્યા વગર ઊડાઊડ કરતો પવન, દિવસ-રાત જોયા વગર વહેતું પાણી, સૂર્ય ચંદ્ર નિયત સમયે રોજ થાક્યા વગર પ્રકાશે છે, અને આ પુષ્પવાટિકા માં ફુલ ઉગે છે, રસાળ ફળ પ્રાપ્ત થાય છે, વિશાળ સાગર જેવું આકાશ ન જાણે કેટલાય ગ્રહોને સમાવીને સ્થિર શાંત રહી, આપણી પર છત્ર બની ને કાયમ રહે છે.આ ધરા આપણા જેવા નિષ્ઠુરનો ભાર વર્ષો વર્ષથી સહન કરતી હોવા છતાં પણ ઉહકારો પણ કરતી નથી. શું આ બધું ઈશ્વર નથી! આ બધું જ અંતે તો આપણું પોષણ કરનાર ઈશ્વર તત્વ છે, અને આ સૃષ્ટિ જ એક મહિમાવંત મંદિર છે. મહાપુરુષો એ ક્યારેક આ મંદિરની વ્યાખ્યા પણ કરી છે. કવિઓએ પણ જગત, સૃષ્ટિ, પૃથ્વી, પ્રકૃતિ, પર ખૂબ રચનાઓ લખી છે, અને દરેકે દરેક જણ આ પ્રત્યેક દેવ એટલે કે પંચ પ્રાણતત્વને જ ઈશ્વર સમજવા એવો નિર્દેશ કરે છે. આવી જ એક પ્રાર્થના આપણે સૌએ નિશાળમાં ભણતા ત્યારે કરી હતી, અને આજે પણ તે ઘણી સ્કૂલોમાં બોલાવાય છે.

મારી આસપાસ તો પ્રાર્થના વિષે લખીને બાળપણની સ્મૃતિઓ વિંટળાઈ વળી છે. અમારા આચાર્ય દિનુ બેન સિનોરનો, કડક છતાં પેમાળ સ્વર મારા કાનોમાં ગુંજે છે, તેમણે જ પ્રાર્થનાનો સાચો અર્થ એ સમયે શીખવ્યો હતો,કે પરીક્ષામાં પાસ થવા પ્રાર્થનાનો સહારો લેવાનો નથી, ત્યાં પુરુષાર્થની જરૂર પડે,ને બુદ્ધિ ચાતુર્ય એ ગુણ નથી,ગુણ તો સૌની સાથેના પ્રેમાળ વ્યવહારથી આવે, કોઈની મદદ કરવાથી આવે, થોડુંક જતું કરવાથી આવે,માફ કરી દેવાથી આવે વગેરે વગેરે.તો આપણે આજે આવી જ સૃષ્ટિ સહજ સર્જનહારના મંગલ મંદિરની વાત કરીશું.

**મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે**
**પળ પળ તારા દર્શન થાયે દેખે દેખનહારા રે**
**----મંદિર**
**નહીં પુજારી નહીં કોઈ દેવા નહીં મંદિર ને તાળા રે**
**નીલ ગગન માં મહિમા ગાતા ચાંદો સૂરજ તારા રે--મંદિર**
**વર્ણન કરતાં શોભા તારી થાક્યા કવિગણ ધીરા રે**
**મંદિર માં તું ક્યાં છુપાયો શોધે બાળ અધીરા રે---મંદિર**

કવિ શ્રી જયંતીલાલ આચાર્યનો જન્મ મહેસાણામાં થયો હતો, અને તેમનું વતન અમદાવાદ છે. નવજીવન સેવા ટ્રસ્ટના તે સંસ્થાપક હતા, અને અમદાવાદની સુપ્રસિદ્ધ ગુજરાતી વિદ્યાલય,તથા શ્રેયાંશ શાળાના ગુજરાતીના તે શિક્ષક હતાં. આટલા મોટા ગજાના સાહિત્યકાર હોવા છતાં પણ તેમને નામે એક પણ પુસ્તક નથી. તેમણે ઘણા બધા પુસ્તકો પર ટીપ્પણી લખી છે, અને વિવેચન કર્યું છે.

તેમણે અનુવાદ પણ ઘણા બધા પુસ્તકો નું કર્યું છે, આ રચના સિવાય પણ તેમની એક સુપ્રસિદ્ધ રચના અંતરના અંતરમાં બિરાજતા એ દેવ, જે લગભગ બધાએ સાંભળી જ હશે. ચરિત્ર નિર્માણની રચનામાં ગુજરાતના સંત કવિઓ અને બાઉલ પંથ ને નામે બે ધારા ધરાવતા પુસ્તકોની રચના કરી, જેમાં એકમાં સ્વયં ઉચ્ચ કોટિના કવિની રચના ને બીજામાં નિરક્ષર લોકકવિ કબીર, ગંગા સતી, સંત રૈદાસ ભોજલરામ વગેરેના અનુયાયીઓની સંતવાણી કે ભજનનું સંકલન કર્યું. ગદ્યમાં શ્રી. શારદાદેવી, ઠાકુરની વાતો, મર્મી સંતોનું દર્શન વગેરેના ચરિત્ર લેખન કર્યું. કવિતા કે પદ્યને નામે બે પુસ્તકો ગોરસ, દીવડા.અનુવાદ, દીવાટાણું રવીન્દ્રનાથનાં કાવ્યો અને મૌલિક, માનવધર્મ, બ્રહ્મચર્ય, સાહિત્ય, મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ, ગીતાની ભૂમિકા અને આપણો ધર્મ, મધ્યયુગની સાધના ધારા. સંપાદનને નામે અંબુભાઈ પુરાણી અને માણેકલાલ દેસાઈના સ્મૃતિગ્રંથોનું સંપાદન કર્યું. રવિન્દ્રનાથ ટાગોરના જીવનથી તે બહુ જ પ્રભાવિત હતાં, અને તે અમુક બાબતોમાં તેમને અનુસરતા પણ હતા.જીવનના ઉતરાર્ધમાં તેઓ અરવિંદ ઘોષની ફિલોસોફી તરફ વળ્યા હતા. આપણું ગુજરાતી સાહિત્ય આવા ઉચ્ચ ગજાના કવિ કે લેખકથી હર્યું ભર્યું છે, અને આપણે તેની માટે સદાય ગર્વ કરવો જોઈએ.આવા મહિમાવંત મહાપુરુષોને સત સત નમન. આપણે અત્યાર સુધીની બધી જ પ્રાર્થના ઓ જોઈ, એ તે બધી જ બતાવે છે, કે સાવ સીધા સાદા શબ્દો જેટલી અસર કરે છે, તેટલા ભારેખમ શબ્દોની અસર થતી નથી.

આ પૂર્ણ વિશ્વ જ એક મંદિર છે, અને તેનું સર્જન કરનાર જ પરમ કૃપાળુ પરમાત્મા કેટલો સુંદર હશે!! દરેક ક્ષણે તેના દર્શન થાય છે. પણ તેને જોવાની દ્રષ્ટિ જોઈએ,જેની પાસે એવી દ્રષ્ટિ હોય તે જ જોઈ શકે. પ્રત્યક્ષ રીતે અહીં કોઈ જ દેવ નથી કે કોઈ જ પૂજારી નથી કે આ મંદિરને ક્યાંય તાળું પણ નથી,અને આમ જુઓ તો બધા જ દેવ તુલ્ય છે, અને જે આ મહિમા ને સમજે છે તે એ દેવત્વ અને પ્રણામ કરીને પૂજારી પણ બની શકે છે. નીલા આકાશમાં ચાંદો અને સૂરજ આ દેવના મહિમા ગાતા પ્રત્યક્ષ પ્રમાણ છે. આ સમગ્ર સૃષ્ટિનું વર્ણન કરતાં ધૈર્યવાન કવિઓ થાક્યા, પણ તારી આ રહસ્યમયી સૃષ્ટિનો તે તાગ પામી શક્યા નથી.

જે દેવી-દેવતાની મૂર્તિ ઓ અમે મંદિરમાં રાખીએ છીએ, એ સ્વરૂપને આખા જગતમાં શોધવા માટે સૌ ભમે છે, અને સૌને પ્રશ્નાર્થ છે, કે મંદિરમાં તું ક્યાં છુપાયો!! શોધે બાળ અધીરા રે, અમે તો તારા બાળકો છીએ, તો અમારી દ્રષ્ટિ માં કદાચ મંદિરનું અને દેવનું આ રુપ અમને દેખાય નહીં, તો અમે અધીરા થઈ જઈએ છીએ. તો આપણે સૌ પણ ઈશ્વરના સ્વરૂપને વંદન કરી, અને રૂપાળા વૈશ્વિક મંદિરની મનમાં સ્થાપના કરી, તેમને વંદન કરી આ જગતને કવિએ જેવું આલેખ્યું છે, તેવું નિર્મળ અને સ્વચ્છ બનાવીએ, તેવી એક અનન્ય પ્રાર્થના સાથે, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

# માનવજીવનની છેલ્લી પરીક્ષા મૃત્યુ છે, જેનું જીવન સુધરે છે એનું મૃત્યુ પણ સુધરી જાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા



બસ હવે મકરસંક્રાંતિ ઉતરાયણ આડે દશેક દિવસ રહયા છે ત્યારે ભગવદ્ જ્ઞાન કંઈક આવું કહે છે કે ઘણા પાપીઓ ઉત્તરાયણમાં મરણ પામે છે. તેઓ સદગતિ પામતા નથી.ઘણા યોગીઓ દક્ષિણાયણમાં મરણ પામે છે તેઓની દુર્ગતિ થતી નથી. દક્ષિણ દિશામાં યમપુરી છે, નરકલોક છે.નરકલોક એટલે અંધકાર, પરમાત્માનું જેને અજ્ઞાન છે,પરમાત્માનો અનુભવ કર્યા વગર જે મરે છે તેનું દક્ષિણાયણ માં મરણ થયું કહેવાય. સંતોનો જન્મ આપણી જેમ સાધારણ હોય છે પણ મૃત્યુ મંગલમય હોય છે. ભીષ્મ મહાજ્ઞાની હતા તેમ છતાં પ્રભુપ્રેમમાં તન્મય થઈને માર્યા છે. તે બતાવે છે કે ભક્તિ શ્રેષ્ઠ છે. મરણ કોનું સુધાર્યું? જેના મરણ વખતે દેવો વાજાં વગાડે તેનું. ભીષ્મના પ્રયાણ વખતે દેવો વાજાં વગાડે છે. માટે કરણી એવી કરો કે તમે આવ્યા ત્યારે ત્યારે દુનિયા હસી હતી ને તમે રોયા હતા, પણ તમે જાઓ ત્યારે તમે હસો ને દુનિયા રડે! માનવજીવનની છેલ્લી પરીક્ષા મૃત્યુ છે. જેનું જીવન સુધરે છે એનું મૃત્યુ સુધરે છે. જેનું મૃત્યુ બગડયું એનું જીવન બગડયું. પ્રતિક્ષણનો જે સદુપયોગ કરશે તેનું મૃત્યુ સુધરશે. કણનો અને ક્ષણનો દુરુપયોગ ન કરો.કણનો દુરુપયોગ કરે એ દરિદ્રી થાય છે અને ક્ષણનો દુરુપયોગ કરે તેનું જીવન બગડે છે. પ્રતિદિન સંયમને વધારો. સંયમ વધારી પ્રભુના સતત સ્મરણની આદત પડે તો મરણ સુધરે. અંતકાળનો સમય બહુ કઠણ છે. આખું જીવન જેની પાછળ જશે તે જ અંતકાળે યાદ આવશે.મનુષ્ય પ્રયત્ન વિના ઈશ્વર કૃપા કરતા નથી.આખું જીવન જે ભાગવત સ્મરણ કરશે, તે કદાચ અંતકાળે ભગવાનને ભૂલી જાય, તો પણ ભગવાન તેને યાદ કરશે. સત્કર્મ વ્યર્થ જવાનું નથી. મારો ભક્ત મને ભૂલે પણ હું નહીં ભૂલું એ ભગવાનનો કોલ છે. ભીષ્મદાદાના મરણથી યુધિષ્ઠિરને દુઃખ થયું, પરંતુ દાદાને સદ્ગતિ મળી તેથી તેમને આનંદ થયો. ધર્મરાજા યુધિષ્ઠિર ગાદી ઉપર વિરાજ્યા છે. ધર્મરાજાના રાજ્યમાં દુકાળ નથી, અતિવૃષ્ટિ નથી, અનાવૃષ્ટિ નથી.

ધર્મરાજાના પવિત્ર રાજ્યમાં કોઈ મૂર્ખ નથી, કોઈને રોગ નથી. બધા ધર્મની મર્યાદાનું પાલન કરે છે. અનેક જન્મોની ભોગવાસના મન માં છે. તેનો જલ્દી ત્યાગ થઈ શકતો નથી, પરંતુ વિવેકભોગ ભોગવે તો અંતકાળ સુધી ઈન્દ્રિય સાજી રહે. ધર્મની મર્યાદામાં રહી મનુષ્ય અર્થ, કામ ભોગવે તો દુઃખી થાય નહીં. સદાચાર અને સંયમ નહીં વધારો,તો સંપત્તિ પણ આનંદ નહીં આપે. મનને એકદમ સંકલ્પરહિત કરવું કઠણ છે, માટે પવિત્ર સંકલ્પ કરો અને પરમાત્મા ના ચરણનો દ્દઢ આશ્રય કરો. સૂર્યનારાયણ પ્રત્યક્ષ ભગવાન છે. ઈતર સર્વ દેવોની ભાવના કરવી પડે છે, પણ સૂર્યનારાયણ પ્રત્યક્ષ દેખાય છે. પ્રત્યક્ષ દેવની આરાધના કરો.

સૂર્યનારાયણની આરાધના વગર બુદ્ધિશુદ્ધિ થતી નથી.કાંઈ નહીં તો ઓછામાં ઓછા બાર સૂર્યનમસ્કાર રોજ કરો.મારા શ્રીકૃષ્ણ સૂર્યનારાયણ માં છે, કારણ કે ભગવાને ગીતામાં કહ્યું છે કે, જ્યોતિમાં હું સૂર્ય છું. સૂર્યનારાયણની ઉપાસના કરનારો કદી દરિદ્રી થતો નથી. યુધિષ્ઠિર સૂર્યની ઉપાસના કરતા. સૂર્યદેવે યુધિષ્ઠિરને અક્ષયપાત્ર આપ્યું હતું. રામજીને સૂર્ય શક્તિ આપી ત્યારે તેઓ રાવણને મારી શક્યા. રામજીએ આદર્શ બતાવ્યો છે. ઈશ્વર છું છતાં સૂર્યનારાયણની આરાધના કરું છું. નીતિ વગરનો ધર્મ વિધુર છે. અર્થો પાર્જન કરવું એ ધર્મ છે, પણ અર્થ ધર્માનુકૂલ હોવો જોઈએ. અર્થને ધર્મની મર્યાદા ન હોય તો એ માયા નું સ્વરૂપ બને છે અને તે અનર્થ કરે છે. ધર્મરાજાના પવિત્ર રાજ્યમાં કોઈના ઘરમાં ઝઘડો ન હતો. પુત્ર માતાપિતાની આજ્ઞામાં રહેતો. તે વખતે રાજા ધર્મનિષ્ઠ હોવાથી પ્રજા પણ ધર્મનિષ્ઠ હતી. યુધિષ્ઠિરને ગાદીએ બેસાડીને શ્રીકૃષ્ણ દ્વારિકા પધારે છે. દ્વારિકાના લોકો રથયાત્રાના દર્શન કરે છે. રથમાં વિરાજેલા દ્વારિકા નાથનાં દર્શન રોજ કરો.શંખ, ચક્ર, ગદા, પદ્મ હાથમાં છે. સોનાનો રથ છે. આ શરીર રથમાં શ્રીકૃષ્ણને નિહાળો. ભક્તો હૃદય સિંહાસન ઉપર પરમાત્માને પધરાવી તેનાં દર્શન કરે છે. જ્ઞાનીઓ સમાધિમાં બ્રહ્મનાં દર્શન કરે છે. દ્વારિકાધીશ દ્વારિકામાં પધારે છે. સર્વને શ્રીકૃષ્ણદર્શનની આતુરતા છે. ભગવાને અનેક સ્વરૂપો ધારણ કરી એકી સાથે ૧૬ હજાર રાણી ઓના મહેલમાં પ્રવેશ કર્યો. ભગવાન બોલવામાં ચતુર છે. દરેકને કહે, તારે ત્યાં પહેલા આવ્યો છું. રાણીઓમાં બીજે દિવસે પ્રેમનો ઝઘડો થયો. ભગવાનની આ દિવ્ય લીલા છે.

તે વખતે કામદેવ લડવા આવ્યા છે. રાસલીલામાં કામદેવની હાર થઈ હતી. પણ કહે છે કે, તે વખતે શ્રીકૃષ્ણ બાળક હતા તેથી હું હાર્યો.અહીં દ્વારિકામાં હું જીતવા નો હાવભાવથી રાણીઓએ શ્રી કૃષ્ણને પ્રસન્ન કરવા પ્રયત્ન કર્યો, પણ શ્રીકૃષ્ણ અજેય રહ્યા. જંગલમાં વૃક્ષની નીચે બેસી કામને મારે તે સામાન્ય છે, પરંતુ અનેક રાણીઓ વચ્ચે રહીને કામને જીતે તે પરમાત્મા છે. શ્રીકૃષ્ણનું ચિંતન મનન કરનારને કામ ત્રાસ આપી શકે નહીં, તો શ્રીકૃષ્ણને કામ શું ત્રાણ આપી શકવાનો હતો? ઈશ્વર તે કે જે કોઈ દિવસ આધીન થતો નથી. કામને આધીન થાય તે જીવ કામદેવે હાર કબૂલી. શ્રીકૃષ્ણ યોગેશ્વર છે. શંકર યોગેશ્વર છે. પૂર્ણ પ્રવૃત્તિધર્મમાં રહી પ્રવૃત્તિમાં લેપાય નહીં, આસક્ત ન બને તે યોગેશ્વર. સંપૂર્ણ નિવૃત્તિમાં રહી સ્વ-સ્વરૂપ માં સ્થિર રહે તે યોગીશ્વર.બારમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મની કથા છે. ઉત્તરાને ત્યાં બાળક થયો તે ચારે તરફ જોવા લાગ્યો કે માના પેટમાં પણ મને ચતુર્ભુજ સ્વરૂપે જે પુરુષ દેખાતા હતા તે ક્યાં છે?પરીક્ષિત ભાગ્ય શાળી છે કે જેને માતાના ગર્ભમાં પરમાત્માનાં દર્શન થયાં.તેથી પરીક્ષિત મહારાજ ઉત્તમ શ્રોતા છે. યુધિષ્ઠિરે બ્રાહ્મણોને પૂછ્યું કે, બાળક કેવો થશે?ત્યારે બ્રાહ્મણો એ કહ્યું, સર્વ ગ્રહો દિવ્ય પડ્યા છે. એક મૃત્યસ્થાન જરા બગડેલું છે. એનું મૃત્યુ સર્પદંશથી થશે. ધર્મરાજાને આ સાંભળી દુઃખ થયું.

મારા વંશનો દીકરો અને તે સર્પદંશથી તેનું મૃત્યુ પામે તે યોગ્ય નથી. ત્યારે બ્રાહ્મણોએ આશ્વાસન આપ્યું. સર્પદંશથી તેનું મૃત્યુ ભલે થશે પણ તેને સદ્ગતિ મળશે. તેના બીજા ગ્રહો સારા છે. તે ગ્રહો જોતા લાગે છે કે, આ જીવાત્માનો છેલ્લો જન્મ છે. નવમા સ્થાનમાં સ્વગૃહે ઉચ્ચ ક્ષેત્રનો બૃહસ્પતિ હોય તે ધર્માત્મા બને છે. પરીક્ષિત ધીમે ધીમે મોટો થાય છે. ધર્મરાજા ગાદી ઉપર વિરાજ્યા છે. વિદુરકાકા પધાર્યા છે. ધર્મરાજા વિદુરજીનું સ્વાગત કરે છે. વિદુરકાકા માન લેવા આવ્યા ન હતા. તેઓ તો ધર્મરાજા યુધિષ્ઠિર ને આશરે પડેલા પોતાના ભાઈ ધૃતરાષ્ટ્રને એ બંધનમાંથી છોડાવ વા આવ્યા હતા.૩૬ વર્ષ તીર્થયાત્રા કરીને આવ્યા હતા. શાસ્ત્રમાં તીર્થયાત્રાનું ઝાઝું મહત્ત્વ નથી. સહજ અવસ્થા ઉત્તમ, ધ્યાન ધારણ મધ્યમ, મૂર્તિપૂજા અધમ અને તીર્થયાત્રા તો અધમ. તેનું કારણ એ કે યાત્રામાં ઈશ્વરનું નિયમથી ધ્યાન થતું નથી. સત્કર્મ પણ નિયમપૂર્વક થતું નથી.

ઘર કરતાં વધારે સત્કર્મ તીર્થયાત્રામાં ન થાય તો તીર્થયાત્રા શા ખપની? છત્રીસ વર્ષની યાત્રાનું વર્ણન વિદુર જીએ માત્ર બત્રીસ શબ્દોમાં કર્યું છે. તમારા હાથે જેટલું પુણ્ય થાય તે ભૂલી જાવ, અને જેટલું પાપ થાય તે યાદ રાખો.આ સુખી થવા નો માર્ગ છે.મધ્યરાત્રિએ વિદુરજી ધૃતરાષ્ટ્ર પાસે ગયા.ધૃતરાષ્ટ્ર જાગતા હતા. વિદુરજી ધૃતરાષ્ટ્રને પૂછે છે, કેમ ભાઈ, ઊંઘ આવતી નથી? પાંડવોને છોડી હવે યાત્રાએ નીકળો. ધૃતરાષ્ટ્ર કહે છે કે, ભત્રીજો બહુ વહાલો છે. મારી ખૂબ સેવા કરે છે. વિદુરજી કહે છે, હવે તને ભત્રીજો વહાલો લાગે છે,પણ તમે પાંડવોને મારવા કેટલા પ્રયત્નો કર્યા હતા એ ભૂલી ગયા?એ તો ધર્મરાજા ધર્મની મૂર્તિ છે,તેથી તારા અપકારનો બદલો ઉપકારથી વાળે છે. પણ હવે તમારા માથે કાળ છે. સમજી ને ઘર છોડો તો સારું, નહીંતર કાળ ધક્કો મારશે એટલે ઘર છોડવું પડશે.

લેવિશ લાઈફસ્ટાઈલ જીવે છે રકુલ પ્રીત સિંહ



# રકુલ પ્રીત સિંહનુ મુંબઈમાં આલિશાન ઘર અને લક્ઝરિયસ કાર કલેક્શન

## અભિનેત્રી ૪૯ કરોડ રૂપિયાની માલિક છે, જેમાં બાંદ્રા, મુંબઈમાં તેનું ઘર અને હૈદરાબાદ અને દિલ્હીમાં પ્રોપર્ટી સામેલ છે

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રી બાદ બોલિવૂડમાં પોતાની એક્ટિંગ સ્કિલ ફેલાવનાર અભિનેત્રી રકુલ પ્રીત સિંહ બહુ જલ્દી દુલ્હન બનવા જઈ રહી છે. એવા અહેવાલો છે કે અભિનેત્રી તેના બોયફ્રેન્ડ અને ફિલ્મ નિર્માતા જેકી ભગનાની સાથે આ વર્ષે ૨૨ ફેબ્રુઆરીએ લગ્ન કરવા જઈ રહી છે. રકુલ પ્રીત સિંહે બોલીવુડની ઘણી ફિલ્મોમાં ઘણા દિગ્ગજ સ્ટાર્સ સાથે કામ કર્યું છે. રકુલ પ્રીત સિંહનું ફિલ્મી કરિયર સફળ રહ્યું છે અને આજે આ અભિનેત્રી કરોડો રૂપિયાની માલિક છે. તેની પાસે ઘણા શહેરોમાં પ્રોપર્ટી છે અને તેની પાસે લક્ઝુરિયસ કારનું અદ્ભુત કલેક્શન પણ છે. રકુલ પ્રીતની નેટવર્થની વાત કરીએ તો લાઈફસ્ટાઈલ એશિયાના રિપોર્ટ અનુસાર, અભિનેત્રી ૪૯ કરોડ રૂપિયાની માલિક છે. જેમાં બાંદ્રા, મુંબઈમાં તેનું ઘર અને હૈદરાબાદ અને દિલ્હીમાં પ્રોપર્ટી સામેલ છે. રકુલ પ્રીત સિંહ પાસે હૈદરાબાદના પોશ વિસ્તાર જુબિલી હિલ્સમાં **3BHK** ઘર છે, જેની કિંમત ૩ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ સિવાય તેની પાસે મુંબઈના બાંદ્રામાં ઘર અને વિજાંગમાં કેટલીક પ્રોપર્ટી છે. અભિનેત્રી પાસે કારનું અદ્ભુત કલેક્શન પણ છે જેમાં મર્સિડીઝ બેન્ઝ **GLE** (રૂ. ૧ કરોડ), રેન્જ રોવર સ્પોર્ટ્સ (રૂ. ૭૦ લાખ), **BMW 520d** (રૂ. ૭૫ લાખ)નો સમાવેશ થાય છે. આ સિવાય તેની પાસે **Audi Q3** પણ છે, જેની કિંમત ૩૫ લાખ રૂપિયા છે અને **Mercedes-Maybach GLS600** છે, જેની કિંમત ૨.૯૬ કરોડ રૂપિયાથી વધુ છે. તમને જણાવી દઈએ કે રકુલ પ્રીતે વર્ષ ૨૦૧૪માં ફિલ્મ 'યારિયાં'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. આ પછી તે 'સરદાર કા ગ્રેન્ડસન', 'શિમલા મિર્ચી', 'આઈ લવ યુ', 'રનવે ૩૪', 'ડૉક્ટર જી', 'છત્રીવાલી' અને 'દે દે પ્યાર દે' જેવી ઘણી ફિલ્મોમાં જોવા મળી. આ પહેલા રકુલ પ્રીત સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી હતી અને તેણે ઘણી ફિલ્મોમાં પણ કામ કર્યું હતું.

# ૨૦૨૪માં પણ શાહરૂખ ખાનની ટ્રિપલ ધમાલ



ગયું વર્ષ શાહરૂખ ખાનના નામે હતું. તેની ત્રણ ફિલ્મો 'પઠાણ', 'જવાન' અને 'ડંકી' રીલિઝ થઈ હતી. આ ત્રણેય ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. હવે ફેન્સ જાણવા ઉત્સુક છે કે ૨૦૨૪માં શાહરૂખ ખાન શું કરવા જઈ રહ્યો છે. હાલ તે આરામ કરી રહ્યો છે. ત્યારબાદ તે ત્રણ ફિલ્મોની જાહેરાત કરી શકે છે. રિપોર્ટ મુજબ શાહરૂખ ખાન આ મહિને એટલે કે જાન્યુઆરીમાં ફેમિલી વેકેશન પર જશે. ત્યાંથી પરત ફર્યા બાદ તે મહિનાના અંતમાં તેની અપકમિંગ ફિલ્મની જાહેરાત કરશે. શાહરુખ ખાન હાલમાં તેની સક્સેસ એન્જોય કરી રહ્યો છે. ગયા વર્ષે જનતાએ જે પ્રેમ આપ્યો તેનાથી તે ખૂબ જ ખુશ છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ શાહરૂખ ખાન જાન્યુઆરીમાં જ તેની ત્રણ ફિલ્મોની જાહેરાત કરશે. આ પછી તે તેના પર કામ કરવાનું શરૂ કરશે. પરંતુ આમાંથી કોઈ પણ ફિલ્મ ૨૦૨૪માં રીલિઝ થાય તેવી શક્યતા ઓછી છે. ઈન્ડસ્ટ્રીમાં દરેક લોકો શાહરૂખ ખાનના આગામી સ્ટેપને લઈને ઉત્સાહિત છે. દરેક વ્યક્તિ જાણવા માંગે છે કે શાહરૂખ આગળ શું કરવા જઈ રહ્યો છે. પરંતુ શાહરૂખ કોઈ પણ પ્રોજેક્ટ સાઈન કરવાની ઉતાવળમાં નથી. તેની પાસે કેટલીક સ્ક્રિપ્ટો છે. પરંતુ તે રજા પરથી પરત ફર્યા પછી તેને જોશે અને તેના પર પોતાનો અભિપ્રાય જણાવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આગળ શું કરવું તે આરામથી નક્કી કરશે. શાહરુખ ખાનની એક ફિલ્મ ભવિષ્યમાં ફાઈનલ છે. તે યશ રાજ ફિલ્મ્સના બેનર હેઠળ કરશે. આમાં તેની સાથે સલમાન ખાન લીડ રોલમાં હશે. 'પઠાણ'ની રિલીઝ વખતે તેના પર ખૂબ જ ચર્ચા થઈ હતી, તેનું નામ 'ટાઈગર વર્સીસ પઠાણ' રાખવામાં આવ્યું હતું. એવા અહેવાલો છે કે તે ૨૦૨૫ ના અંત સુધીમાં રિલીઝ પણ થઈ શકે છે.




## જુનિયર એનટીઆર ફેમિલી સાથે જાપાનથી એક દિવસ પહેલા આવેલા દ્રઇએ કર્યું ટ્વિટ

# જાપાનમાં ભૂકંપના આંચકાએ હચમચાવી નાખ્યો : જુનિયર NTR

જાપાનને દુનિયાના વિકસિત દેશોમાં ગણવામાં આવે છે. ઘણી વખત આ દેશમાં ભૂકંપ આવ્યા છે અને દરેક વખતે દેશે આ મુશ્કેલ પરિસ્થિતિઓનો હિંમતપૂર્વક સામનો કર્યો છે. જાપાનમાં આ પહેલા પણ ભૂકંપનું વિચિત્ર સ્વરૂપ જોવા મળ્યું છે. લોકોના મગજમાં પણ ન આવ્યું હોય જ્યારે જાપાનમાં ૧૩ વર્ષ પહેલા ભયંકર ભૂકંપ આવ્યો હતો. આ દરમિયાન ૧૮ હજારથી વધુ લોકોના મોત થયા છે. હવે ફરી એકવાર જોરદાર ભૂકંપના કારણે જાપાનમાં ગભરાટ ફેલાયો છે. હાલમાં જ જાપાનથી પરત આવેલા સાઉથ એક્ટર જુનિયર એનટીઆરએ આને લઈને રિએક્ટ કર્યું છે. જાપાનમાં હાલ ગભરાટ ફેલાયેલો છે. તેનું કારણ ૭.૬ની તીવ્રતાનો ભૂકંપ છે જેમાં ૩૦ લોકોના મોત થયા છે. જે દેશમાં લોકો નવા વર્ષની ઉજવણીની તૈયારી કરી રહ્યા હતા, ત્યાં વર્ષ ૨૦૨૪ના પહેલા જ દિવસે લોકોમાં ડર જોવા મળ્યો. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ, જાપાનમાં ૧૫૦ થી વધુ ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. તાજેતરમાં જ જાપાનથી પરત ફરેલા જુનિયર એનટીઆર આ સમાચારથી ખૂબ જ હેરાન થઈ ગયા છે અને તેને તેના પર રિએક્ટ પણ કર્યું છે. જુનિયર એનટીઆરએ જાપાનમાં રહેતા લોકો માટે પ્રાર્થના કરી છે અને તેમને પ્રોત્સાહિત કર્યા છે. જુનિયર એનટીઆરે લખ્યું છે કે હું જાપાનથી પાછો ફર્યો છું અને ત્યાં ભૂકંપ વિશે સાંભળીને ખૂબ જ હેરાન છું. મેં મારું આખું અઠવાડિયું ત્યાં વિતાવ્યું છે અને આ ભૂકંપથી પ્રભાવિત ત્યાં રહેતા લોકો માટે હું ભાવુક છું. હું ત્યાંના લોકોની સ્થિતિસ્થાપકતાથી પ્રભાવિત થયો છું અને આ નુકસાનમાંથી તેઓ ઝડપથી રિકવર થાય તેવી શુભેચ્છા પાઠવું છું. સ્ટે સ્ટ્રોન્ગ જાપાન. જુનિયર એનટીઆરની વાત કરીએ તો તે થોડા સમય પહેલા હૈદરાબાદ એરપોર્ટ પર તેની ફેમિલી સાથે જોવા મળ્યો હતો. આ દરમિયાન તેઓ પરિવાર સાથે ન્યૂ યર સેલિબ્રેટ કરવા ગયો હતો. તેને ત્યાં ખૂબ એન્જોય કર્યું પરંતુ ત્યાંથી પાછા આવ્યા પછી, જુનિયર એનટીઆર જાપાનની સ્થિતિ જોઈને ખૂબ જ હેરાન છે અને ત્યાંના લોકોની સુરક્ષા માટે પ્રાર્થના કરી રહ્યો છે.

# અભિનેતા ઋત્વિક રોશન ગર્લફ્રેન્ડ સાથે સ્પોટ થયો



બોલીવૂડનો સૌથી લોકપ્રિય અભિનેતા ઋત્વિક રોશન આજે સવારે તેની ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યો હતો, આ દરમિયાન આ કપલ ખૂબ જ સ્ટાઈલિશ લાગતું હતું. એક્ટર હેન્ડસમ હક્ક લાગ્યો તો સબાએ સ્ટાઈલિશ લૂક કેરી કર્યો હતો. બૉલીવૂડ એક્ટર ઋત્વિક રોશન આજે સવારે મુંબઈ એરપોર્ટ પર પહોંચ્યો હતો. આ દરમિયાન તે તેની ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે જોવા મળ્યો હતો. ફાઈટર'ની રીલિઝ પહેલા આ કપલ ક્વૉલિટી ટાઈમ વિતાવવા માટે ક્યાંક બહાર નીકળી ગયું છે. આ દરમિયાન ઋત્વિક રોશન અને તેની લેડી લવ સબા આઝાદ ખૂબ જ સ્ટાઈલિશ અંદાજમાં જોવા મળ્યા હતા. ડેનિમ જીન્સ સાથે બ્લેક ટી અને લેધર જેકેટમાં ઋત્વિક રોશન એકદમ હેન્ડસમ લાગતો હતો. તેણે મેચિંગ શૂઝ સાથે પોતાનો લુક પૂરો કર્યો હતો. અભિનેતાની ગર્લફ્રેન્ડ સબા આઝાદ પણ ઘણી આકર્ષક લાગી રહી હતી. સબાએ બ્લૂ ડેનિમ સાથે બ્લેક ટી-શર્ટ સાથે લેધર જેકેટ પણ પહેર્યું હતું અને જેકેટ સાથે મેળ ખાતા જૂતા પણ પહેર્યા હતા. આ દરમિયાન સબાએ પોતાના વાળ ખુલ્લા છોડી દીધા હતા અને બ્લેક સનગ્લાસ સાથે એરપોર્ટ લુક પૂરો કર્યો હતો. આ દરમિયાન, પૈપરાજીએ કપલની ઘણી તસવીરો ક્લિક કરી. ઋત્વિક રોશને પણ એરપોર્ટ પર પ્રવેશતા પહેલા પેપ્સને ચીયર કર્યા હતા. સબાએ સ્મિત સાથે પેપ્સ માટે ક્લિક કરેલ ફોટો પણ મેળવ્યો. આ કપલની આ તસવીરો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.



# અભિનેતા પંકજ ત્રિપાઠીના ઘરમાં રહે છે ૨ પત્નીઓ

## પંકજ ત્રિપાઠી આજે જ્યાં છે ત્યાં પહોંચવા બદલ તેમની પત્ની મૃદુલા ત્રિપાઠીનો આભાર માનતા ખચકાતા નથી

કેટલીકવાર, સામાન્ય વાતની વચ્ચે, પ્રેમ આપણને એક પરીકથા આપે છે, જેને આપણે આપણા વ્યસ્ત જીવનમાં અવગણીએ છીએ. જી હા, એ વાત સાચી છે, આપણને ઘણીવાર ખ્યાલ નથી હોતો કે એક સામાન્ય દેખાતા કપલની લવસ્ટોરી અસાધારણ હોઈ શકે છે. જ્યારે તમે પ્રેમમાં હોવ છો, ત્યારે ઘણી વાર એવી ક્ષણો આવે છે જ્યાં ઉતાર-ચઢાવ આવે છે, જે સંબંધને વધુ મજબૂત બનાવે છે અને તેનું એક ઉત્તમ ઉદાહરણ છે બોલિવૂડના ઉમદા એક્ટર પંકજ ત્રિપાઠી અને તેની પત્ની. પરંતુ શું તમે જાણો છો કે એક્ટરના ઘરમાં બે પત્નીઓ છે, જેનો ખર્ચ એક્ટર વર્ષોથી ઉઠાવી રહ્યો છે. પંકજ ત્રિપાઠી આજે જ્યાં છે ત્યાં પહોંચવા બદલ તેમની પત્ની મૃદુલા ત્રિપાઠીનો આભાર માનતા ખચકાતા નથી. એક્ટરના સંઘર્ષના દિવસોમાં તેની પત્ની ઢાલ બનીને એવી રીતે ઉભી રહી કે તેને ક્યારેય મુશ્કેલીઓનો અહેસાસ ન થયો અને સંઘર્ષના ૮ વર્ષ ખૂબ જ આનંદ સાથે પસાર થયા. આ વાતનો ખુલાસો ખુદ પંકજ ત્રિપાઠીએ 'કૌન બનેગા કરોડપતિ'માં અમિતાભ બચ્ચન સામે કર્યો હતો. પણ બે પત્નીઓનો મુદ્દો શું છે? આ વાતનો ખુલાસો ખુદ એક્ટરે કર્યો હતો. પંકજ ત્રિપાઠીએ 'ઓમકારા', 'દબંગ ૨', 'ફુકરે', 'સિંઘમ રિટર્ન્સ', 'બરેલી કી બરફી', 'ન્યૂટન', 'સ્ત્રી', 'લુડો', 'મિમી' અને 'ગુંજન સક્સેના' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. લોકો તેને વેબ સિરીઝ 'મિર્ઝાપુર' અને 'ક્રિમિનલ જસ્ટિસ'માં તેના શાનદાર એક્ટિંગ માટે લોકો તેને યાદ કરે છે. લલ્લનટોપ સાથે વાત કરતી વખતે તેમણે બે પત્નીઓ વિશેના નિવેદન પર ખુલીને વાત કરી હતી. તેણે કહ્યું કે બે પત્નીઓ એટલે એક મારી પત્ની અને બીજી તેની પત્ની હું. પંકજ ત્રિપાઠીએ કહ્યું, 'મારા ઘરમાં મારા એકલાનું જ ચાલતું નથી. મેં ઘરમાં ખૂબ જ લોકશાહી વાતાવરણ ઊભું કર્યું છે. ઘરમાં ઘણી વાર મને લાગે છે કે મારી અસહમતિ છે અને મારી પત્ની ઈચ્છે તો હું કહું છું કે કરી લો ભાઈ... મને લાગે છે કે દરેકને સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. તે આશિક ન હોવી જોઈએ. એક ઈન્ટરવ્યુમાં પંકજે પોતાના સ્ટ્રગલના દિવસો વિશે જણાવ્યું હતું જેમાં તેણે કહ્યું હતું કે એકવાર મુંબઈ આવ્યા બાદ તેની પાસે કોઈ કામ નહોતું જેના કારણે તેની પત્નીને એક સ્કૂલમાં ભણાવવું પડ્યું હતું. તે સમયે તેનું ઘર તેની પત્નીના પગારથી ચાલતું હતું. તેણે જણાવ્યું હતું કે તે રોજિંદા ખર્ચ માટે તેની પત્નીના પગાર પર નિર્ભર હતાં.





# શું મલાઈકા અને અરબાઝનો લાડલો રવિનાની દિકરીને કરી રહ્યો છે ડેટ?

અરબાઝ ખાન અને મલાઈકા અરોરાનો પુત્ર અરહાન ખાન સ્પોટલાઈટથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે. તાજેતરમાં, તેણે પિતા અરબાઝ ખાન અને શૂરા ખાનના લગ્ન દરમિયાન ઘણી હેડલાઈન્સ બનાવી હતી. તેના લગ્નમાં તેના પિતા સાથે ગાતા અને પછી ગિટાર વગાડતા જોવા મળ્યો હતો, તેની નવી માતા સાથે ડાન્સ કરતો દેખાયો હતો, અરહાનની દરેક ઝલક લોકોના તેના ચાહકોનું ધ્યાન હોય છે. ત્યારે હાલમાં જ અરહાન રવિના ટંડનની પુત્રી રાશા સાથે જોવા મળ્યો હતો. બન્ને સ્ટાર કિડ્સ કેમેરાથી બચવાનો પ્રયાસ કરી રહ્યા હતા. બન્નેના અફેરની ચર્ચા એ જોર પકડ્યુ છે, વાસ્તવમાં તેની પાછળનું કારણ એક વાયરલ વીડિયો છે. જે બાદ બન્નેના અફેરની ચર્ચા એ જોર પકડ્યુ છે. વાસ્તવમાં તેની પાછળનું કારણ એક વાયરલ વીડિયો છે. એક વીડિયોમાં બંનેને સાથે જોયા બાદ આ ચર્ચાએ જોર પકડ્યું છે. બંને ઉતાવળમાં હોય તેમ લાગે છે અને કેમેરાથી બચીને એક જ કારમાં બેસી જાય છે. જો કે તેમના અફેર વિશે કંઈપણ કન્ફર્મ નથી થયું, પરંતુ સોશિયલ મીડિયા પર કેટલાક યુઝર્સ તેમના ડેટિંગ વિશે વાત કરતા જોવા મળે છે. જોકે હાલમાં જ અરબાઝ ખાનના મેરેજમાં રાશા અને રવિના ટંડન ખાસ મહેમાન બનીને આવ્યા હતા. રસપ્રદ વાત એ છે કે જ્યારે અરબાઝના લગ્નમાં બહુ ઓછા ફિલ્મ સ્ટાર્સને આમંત્રણ આપવામાં આવ્યું હતું, ત્યારે આ લગ્નમાં રવિના ટંડન સાથે તેની પુત્રી ખાસ મહેમાન તરીકે જોવા મળી હતી. તમને જણાવી દઈએ કે રવીના અને રાશા અરહાનની નવી માતા શૂરા સાથે ગાઢ સંબંધ ધરાવે છે. તમને જણાવી દઈએ કે આ લગ્નના સમાચારની પુષ્ટિ રવિનાએ સૌથી પહેલા કરી હતી. સમારંભના એક દિવસ પહેલા તેણે ઈન્સ્ટાગ્રામ પર શૂરા અને અરબાઝને અભિનંદન પાઠવ્યા હતા. બંને માટે ખુશી વ્યક્ત કરતા તેમણે લખ્યું કે પાર્ટીની શરૂઆત જ થઈ છે. અરબાઝ અને શુરાના લગ્નમાં રવિના પણ જોરદાર ડાન્સ કરતી જોવા મળી હતી. તમને જણાવી દઈએ કે રાશા અભિષેક કપૂરની ફિલ્મથી ડેબ્યૂ કરવા જઈ રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મમાં અજય દેવગનનો ભત્રીજો અમન દેવગન પણ હશે અને આ તેની ડેબ્યૂ ફિલ્મ પણ હશે. કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ એક એક્શન એડવેન્ચર ફિલ્મ હશે. વાસ્તવમાં, તેની રિલીઝને લઈને સમાચાર એ છે કે તે આવતા મહિને ૯ ફેબ્રુઆરીએ રિલીઝ થવા જઈ રહી છે.

### કોલેજમાં એડમિશન પ્રક્રિયા માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ લોન્ચ

# એક છત્ર હેઠળ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે દેશનું પ્રથમ કોમન પોર્ટલ GCAS લોન્ચ કર્યું

### ઓનલાઈન પ્રવેશ માટે રજીસ્ટ્રેશન ફી રૂ.૩૦૦ ભરવાની રહેશે ૨૦૨૪ ના શૈક્ષણિક વર્ષથી લાગુ પડશે



। (પ્રતિનિધી) ગાંધીનગર, તા.૩ ।

રાજ્ય સરકારના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે આજે કૉલેજમાં એડમિશન પ્રક્રિયા માટે દેશનું પ્રથમ કોમન પોર્ટલ GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ) લોન્ચ કરાયુ હતું. જેમાં રાજ્યકક્ષામંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, અગ્ર સચિવ મુકેશ કુમાર પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન મોદીજીના નેતૃત્વમાં ભારતમાં NEP-2020 (રાષ્ટ્રીય શિક્ષણ નીતિ) લાગુ કરવામાં આવી છે. જેની વિવિધ જોગવાઈઓના પગલે તૈયાર કરાયેલ સોફ્ટવેર અંતર્ગત એક જ છત્ર હેઠળ આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, રૂરલ સ્ટડીઝ અને અન્ય તમામ વિદ્યાશાખાઓને સાંકળી લઈને એડ્મિશનની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે. રાજ્યની ૧૪ યુનિવર્સિટીઓ સંલગ્ન સરકારી, અનુદાનિત, સ્વનિર્ભર ૨,૩૪૩ જેટલી કૉલેજના ૭.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ એડમીશન માટે એક જ પોર્ટલ ઉપર અરજી કરી શકશે. પ્રવેશ માટેની રજીસ્ટ્રેશન ફી ૩૦૦ રુપિયા ઓનલાઈન એક જ વખત ભરવાની રહેશે.

ઋષિકેશ પટેલે દ્રઢતાપૂર્વક કહ્યું કે, વર્ષ ૨૦૩૦ સુધીમાં NEP-2020 ની તમામ જોગવાઈઓનું ગુજરાતમાં સંપૂર્ણપણે પાલન થઈ જશે.

હાલ પણ રાજ્યમાં NEP-2020 ના પગલે જ ન્યુ એજ ટેકનોલોજી, A.I., મશીન લર્નિંગ, રોબોટિક્સ જેવા સમયની માંગ આધારીત કોર્ષ પર રાજ્યમાં પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.

ટેકનીકલ કોર્ષ ઉપરાંત નોન-પ્રોફેશનલ કોર્ષીષમાં પણ વિદ્યાર્થીઓને સ્કીલ આધારીત શિક્ષણ ઉપબલ્ધ કરાવવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

## જીકેસ થકી એડમિશન પ્રક્રિયા સરળ બનશે : પ્રફુલ પાનશેરિયા

શિક્ષણ મંત્રી રાજ્ય કક્ષના પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું કે, ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ-જીકેસ પોર્ટલ થકી રાજ્યના વિદ્યાર્થીઓ માટે એડમિશન પ્રક્રિયા અત્યંત સરળ બની જશે. એડમિશન માટે કોલેજોમાં ધક્કા ખાવા સહિતની જે અગવડતા વિદ્યાર્થી અને વાલીઓને અનુભવવી પડતી હતી તેનું નિરાકરણ આવી જશે. ટેકનોલોજીની મદદથી 'અરજી એક, વિકલ્પ અનેક'ના ધ્યેય સાથે ખાસ પોર્ટલ તૈયાર કરી આ પ્રકારની કોમન એડમિશન પ્રક્રિયા શરૂ કરનાર ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ છે. આ પોર્ટલથી સમગ્ર એડમિશન પ્રક્રિયા ઝડપી થશે જે આવનાર સમયમાં વરદાનરૂપ સાબિત થશે. આ પોર્ટલ દ્વારા માત્ર સ્નાતક કક્ષાના જ નહિ, પરંતુ અનુસ્નાતક, પી.એચ.ડી. એવા અભ્યાસક્રમો માટેનું કોમન એડ્મિશન રહેશે. વિદ્યાર્થીની અનેક વિટંબણાઓનો આ પોર્ટલ થકી અંત આવશે. સામાન્યતઃ મનપસંદ યુનિવર્સિટી તેમજ કોલેજ, અનુકૂળ અભ્યાસક્રમ પસંદ કરવાની પ્રક્રિયા તેમજ દરેક જગ્યાએ રૂબરૂ જવાની તમામ પરિસ્થિતિનો અંત આવશે.

## વિદ્યાર્થીઓને પોર્ટલ મારફતે મનપસંદ સંસ્થા પસંદ કરી શકે

પોર્ટલના કારણે બારમા ધોરણ પછી વિદ્યાર્થી અને વાલીને આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, રૂરલ સ્ટડીઝના અનેકવિધ અભ્યાસક્રમો છે, અનેક યુનિવર્સિટીઓ છે, અનેક કોલેજો છે તેમાંથી પોતાની મનપસંદ સંસ્થા અને અભ્યાસક્રમ પસંદ કરવાની વિશાળ તક પ્રાપ્ત થાય છે. અલગ જગ્યાએ જઈને લાંબી મુસાફરી, લાંબી પ્રક્રિયામાંથી મુક્તિ મળે છે. અલગ સંસ્થાઓમાં જે પ્રવેશ ફી ભરવી પડે છે તેમાંથી પણ મુક્તિ મળે છે. ઝછજી પોર્ટલ અંગ્રેજી અને ગુજરાતી એમ બે ભાષાઓમાં ઉપલબ્ધ છે, જેને કારણે માહિતી સરળતાથી મેળવી શકાય અને તમામ વિદ્યાર્થી સરળતાથી એપ્લિકેશન કરી શકશે.

## GCAS પોર્ટલની વિશેષતાઓ

- સરળતાથી ડોક્યૂમેન્ટ્સ અપલોડ કરી શકાય છે.
- અનેક વિષયો પસંદ કરી શકાય છે.
- જે તે સંસ્થા કે યુનિવર્સિટી દ્વારા જે પ્રવેશપ્રક્રિયાની યાદી તૈયાર થાય છે તેનાં નોટિફિકેશન્સ સરળતાથી રજિસ્ટર થયેલા મોબાઈલ ફોન અને ઈ-મેઈલ થકી પ્રાપ્ત થાય છે.
- તમામ યુનિવર્સિટીઓને વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન પછીથી એડ્મિશનની પ્રક્રિયાની સ્વાયત્તતા રહેશે.
- માત્ર એક જ વખત પ્રવેશ ફી ભરીને લાંબી, થકવી નાખનારી, ખર્ચાળ પ્રક્રિયામાંથી મુક્તિ મેળવીને એડ્મિશનની પ્રક્રિયા સરળ કરનારા આ પોર્ટલ થકી વિદ્યાર્થીને અને વાલીને ખૂબ જ સહાય મળશે.

## ૧૪ યુનિવર્સિટીઓમાં આ પોર્ટલ લાગુ પડશે?

ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી-વડોદરા, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન – IITE, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા યુનિવર્સિટી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, શ્રી ગુરૂ ગોવિંદ યુનવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ભક્ત કવિ નરસિંહ મહેતા જુનાગઢ યુનિવર્સિટી, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, ચિલ્ડ્ર્ન્સ યુનિવર્સિટી.

www.gcas.gujgov.edu.in પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી શકાશે

### ૧.૬૪ કરોડ નાગરિકોને આયુષ્માન ભારત સ્વાસ્થ્ય કવચ મળ્યું

# પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ ૯.૪૭ લાખથી વધારે લોકોની નોંધણી 'માય ભારત'માં ૨૭.૩૧ લાખ યુવાનોની ભરતી



। નવી દિલ્હી, તા.૩ ।

આઉટરીચ પ્રવૃત્તિઓ દ્વારા જાગૃતિ લાવવા અને ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓની સંતૃપ્તિ હાંસલ કરવા માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા સમગ્ર દેશમાં વેગ પકડી રહી છે. આ યાત્રાને ૧૫ નવેમ્બર, ૨૦૨૩ના રોજ ઝારખંડના ખુંટી ખાતેથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ફ્લેગ ઓફ કરવામાં આવી હતી, જેમાં દેશભરના વિવિધ સ્થળોએથી એક સાથે અનેક માહિતી, શિક્ષણ અને સંચાર (આઈઈસી) વાન શરૂ કરવામાં આવી હતી. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં, યાત્રાનો હેતુ દેશભરમાં ૨.૬૦ લાખથી વધુ ગ્રામ પંચાયતો અને ૪૦૦૦ શહેરી સ્થાનિક સંસ્થાઓને આવરી લેવાનો છે.

સરકારની કલ્યાણકારી યોજનાઓ અંગે જાગૃતિ લાવવા માટે આ યાત્રા દેશના દૂરના ખૂણે પહોંચી છે. આ પહેલ એ સુનિશ્ચિત કરે છે કે આ સામાજિક કલ્યાણ કાર્યક્રમો રાષ્ટ્રના દરેક વ્યક્તિ સુધી પહોંચે, સૌથી દૂર છેવાડાના લોકો સુધી પણ પહોંચે. યાત્રાના ભાગરૂપે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનાની નોંધણી, સ્રૂ ભારત સ્વયંસેવી નોંધણી, આયુષ્માન કાર્ડનું વિતરણ જેવી વિવિધ સેવાઓ પણ પ્રદાન કરવામાં આવી રહી છે. યાત્રા દરમિયાન, નોંધપાત્ર સંખ્યામાં નાગરિકોએ વિવિધ સરકારી યોજનાઓમાં ભાગ લીધો છે, જેમાં નોંધપાત્ર ભાગીદારી દર્શાવવામાં આવી છે. આ યાત્રા દરમિયાન, વ્યક્તિઓને તેમના અધિકારના વિશેષાધિકારોનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. યાત્રા દરમિયાન, ૯.૪૭ લાખથી વધુ લોકોને પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના (PMUY) હેઠળ સ્વચ્છ રસોઈ ઈંધણની ઍક્સેસ આપવામાં આવી હતી, તેથી પરિવારોને ધુમાડાથી ભરેલા રસોડામાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. ૧.૬૪ કરોડથી વધુ આયુષ્માન કાર્ડનું વિતરણ સુનિશ્ચિત કરે છે કે નાગરિકોને દર વર્ષે પરિવાર દીઠ રૂ. ૫ લાખનું વ્યાપક આરોગ્ય કવચ મળે.

યાત્રાના ભાગ રૂપે, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) એ ૧૮.૧૫ લાખથી વધુ નાગરિકોને અકસ્માત વીમો પૂરો પાડ્યો હતો. ૧૦.૮૬ લાખથી વધુ વ્યક્તિઓએ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY)નો લાભ લીધો છે, જે જીવન વીમો પ્રદાન કરે છે. આ બંને યોજનાઓ સમગ્ર ભારતમાં નાણાકીય સમાવેશને આગળ વધારી રહી છે.

વધુમાં, યાત્રા દરમિયાન પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડરની આત્મનિર્ભર નિધિ (PM SVANidhi) હેઠળ ૬.૭૯ લાખથી વધુ સ્ટ્રીટ વેન્ડર્સને વર્કિંગ કેપિટલ લોન આપવામાં આવી હતી. 'મારું ભારત' સ્વીકારીને, ૨૭.૩૧ લાખથી વધુ યુવાનોએ પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું, જે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માળખામાં સગાઈની નોંધપાત્ર નવી લહેર દર્શાવે છે.

# ઝાલોદ મામલતદાર કચેરીમાં ૭/૧૨ અને ૮/અ ની નકલ મેળવવા આમ જનતાને હાલાકી

### કચેરીનો સંપર્ક કરાતા આખાં ગુજરાતમાં ટેકનિકલ ખામીને લઈ નકલો નથી નીકળતી એવું જાણવા મળ્યુ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ મામલતદાર કચેરી ખાતે ૭/૧૨ અને ૮/અ ની નકલ મેળવવા આવનાર જાહેર જનતાને છેલ્લા બાર થી પંદર દિવસથી ભારે હાલાકી ભોગવવી પડી રહેલ છે. ગ્રામીણ વર્ગના લોકો સવારથી મામલતદાર કચેરી ખાતે આ નકલો લેવા આવી જતાં હોય છે. છેલ્લા બાર થી પંદર દિવસ થી સર્વરમાં ટેકનિકલ ખામીને લીધે આખાં ગુજરાતમાં આ સમસ્યા છે તેવું અહીં તપાસ કરતા માલુમ પડેલ છે. પણ જો જવાબદાર અધિકારી તંત્રનો સંપર્ક સાધી ટેકનિકલ ખામી ક્યારે દૂર થશે એની જો ચોક્કસ તારીખ જાહેર નોટિસમાં મૂકી દે તો આવનાર ગ્રામીણ પ્રજાને પોતાની મજૂરીના રૂપિયા વ્યર્થ બગાડવા ન પડે. આ અંગે તાત્કાલિક જવાબદાર તંત્ર આ અંગે ધ્યાન આપે તો ગ્રામીણ વિસ્તાર માંથી આવતી ગરીબ પ્રજાના રૂપિયા ન બગડે.

# ટ્રક ચાલકોની હડતાળને પગલે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજવામાં આવી હતી, લોકોને અફવા ન ફેલાવવા અપીલ

### કચેરીનો સંપર્ક કરાતા આખાં ગુજરાતમાં ટેકનિકલ ખામીને લઈ નકલો નથી નીકળતી એવું જાણવા મળ્યુ



। (જિલ્લા માહિતી કચેરી) છોટાઉદેપુર, તા.૩ ।

સરકારના વાહન ચાલકો માટેના કાયદા વિરુદ્ધ ટ્રક ડ્રાઈવર એસોસિએશનો દ્વારા દેશભરમાં રસ્તા રોકો અને ચક્કાજામની સ્થિતિને પગલે છોટાઉદેપુર જિલ્લામાં પરિસ્થિતિનો તાગ મેળવવા અને આવી સ્થિતિ ન આવે તેવી તકેદારીના ભાગરૂપે કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને છોટાઉદેપુર જિલ્લા સેવા સદનમાં બેઠક યોજવામાં આવી હતી. સમગ્ર જિલ્લાના પેટ્રોલ પંપ માલિકો, ડીલર્સ, રાંધણ ગેસ સીલીન્ડર વિતરકો, સીએનજી ગેસ એજન્સી સંચાલકો વગેરે એસોસીએશનના પ્રમુખોને આ બેઠકમાં બોલાવવામાં આવ્યા હતા. જો કે સરકારશ્રી દ્વારા ગઈ કાલે આ કાયદાને હાલપૂરતો મુલતવી રાખવાના નિર્ણયને લીધે ટ્રક ચાલકોની હડતાળ સમેટાઈ ગઈ છે. પરંતુ આવી સ્થિતિ આવે તેના આગોતરા આયોજનના ભાગરૂપે જિલ્લાના સામાન્ય નાગરિકો અને જનજીવનન પ્રભાવિત ન થાય તે માટે જીવન જરૂરિયાતની વસ્તુઓ, શાકભાજી, દૂધ, ઘાસચારો, ઈંધણનો પુરતો જથ્થો રહે તેની ખાતરી કરવા કલેકટરશ્રી દ્વારા તમામ ડીલર્સને સુચન કરાયું હતું. કલેકટરશ્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આવી સ્થિતિ નિર્માણ થાય તો લોકોએ પેનિક ન થવું.

# જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા એન. એસ. એસ. ના વિદ્યાર્થીઓને બાળકોના કાયદાઓ વિશે માહિતી આપવામાં આવી



(જિલ્લા માહિતી કચેરી)
। નડિયાદ, તા.૩ ।

નડિયાદ તાલુકાના વલેટવા ગામ ખાતે જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા સી.બી. પટેલ આર્ટસ કોલેજના એન. એસ. એસ. ના વિદ્યાર્થીઓને બાળકોના કાયદાઓ વિશે તથા બાળકોની સરકારી યોજનાઓની માહિતી આપી તથા પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચાઈલ્ડ વેલફેર કમિટીના સભ્ય શ્રી રાજેન્દ્ર શર્મા તથા સી. બી. પટેલ કોલેજના પ્રોફેસર તથા જિલ્લા બાળ સુરક્ષા એકમના ડૉ. અલ્કા રાવલ તથા ઘનશ્યામભાઈ તથા એન. એસ. એસ. ના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# કલેકટરશ્રી તેમજ પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા મોડેલ ફાર્મની મુલાકાત કરવામાં આવી

। (જિલ્લા માહિતી કચેરી) છોટાઉદેપુર, તા.૩ ।

છોટાઉદેપુર જીલ્લાના છોટાઉદેપુર તાલુકાના દડીગામ ખાતે પ્રાકૃતિક ખેતી કરતા લાલાભાઈ આનંદભાઈ રાઠવાના મોડેલ ફાર્મની કલેકટરશ્રી, પ્રાયોજના વહીવટદારશ્રી, છોટાઉદેપુર તેમજ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, આત્મા પ્રોજેકટના સ્ટાફ DPD, BTM, ATM અને ગ્રામ સેવક હાજર રહી જરુરી પ્રશ્નોનો નિકાલ માટે ખાતરી આપી હતી તેમજ સલાહ સૂચનો કર્યા હતા. ખેડૂતોના પ્રશ્નનો સાંભળી ઉકેલ લાવવા માટે ખેડૂતોને પ્રોત્સાહન આપ્યું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. તમારો વધારાનો સમય નિઃસ્વાર્થ સેવામાં સમર્પિત કરો. આ બાબત તમને આનંદ આપશે તથા તમારા પરિવારને પણ અપાર આનંદ આપશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમારો ભાગીદાર સહકાર પૂર્ણ તથા મદદરૂપ હશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ?યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે વાહન ચલાવતી વખતે ચેતતા રહેજો ખાસ કરીને વળાંક પર. અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. આજે તમને તમારા મિત્રની ગેરહાજરીમાં તેની સુવાસ વર્તાશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. જીવનસાથી તમને ધૂમ્રપાનની લત છોડવા પ્રેરણા આપશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારા પરિવાર માટે કોઈક સારા તથા અર્થપૂર્ણ કાર્યમાં જોખમ લો. ગભરાતા નહીં કેમ કે વેડફાયેલી તક કદાચ પાછી ન પણ આવે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે.તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.

### સાહિત્ય ચોરી અને યહુદીઓ વિરોધી ટિપ્પણીનો આરોપ

# હાર્વર્ડ યુનિવર્સિટીના અધ્યક્ષ ક્લોડાઈને રાજીનામું આપ્યું

### ગાઝામાં ઈઝરાયેલ યુદ્ધના પરિણામો વચ્ચે યુનિવર્સિટી વિદ્યાર્થીઓની રક્ષા કરવામાં વિફળ રહ્યું છે : ક્લોડાઈ



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।**

હાર્વર્ડ યુનિવર્સિટીના અધ્યક્ષ ક્લોડાઈને મંગળવારે રાજીનામું આપી દીધું છે. તેમના પર સાહિત્ય ચોરી અને યહુદીઓ વિરોધી ટિપ્પણી કરવાનો આરોપ છે. ક્લોડાઈન ગે એ હાર્વર્ડ ગ્રુપને લખેલા એક પત્રમાં પોતાના રાજીનામાનું એલાન કર્યું છે. તેમણે પોતાના નિવેદનમાં કહ્યું હતું કે, વિશ્વભરમાં યદૂહી વિરોધી ભાવનાની વધતી આશંકાઓ અને ગાઝામાં ઈઝરાયેલ યુદ્ધના પરિણામો વચ્ચે યુનિવર્સિટી વિદ્યાર્થીઓની રક્ષા કરવામાં વિફળ રહ્યું છે. આ પ્રતિક્રિયા પર તેમની સખત ટીકા કરવામાં આવી રહી હતી. ક્લોડાઈન હાર્વર્ડ ફેકલ્ટીના સભ્ય બની રહેશે. ક્લોડાઈને પોતાના રાજીનામાના પત્રમાં લખ્યું છે કે તે ભારે હૃદય સાથે પ રંતુ હાર્વર્ડ પ્રત્યે ઊંડા પ્રેમ સાથે પોતાનું પદ છોડી રહી છું. તેમણે કહ્યું કે, મારા માટે રાજીનામું આપવું હાર્વર્ડના શ્રેષ્ઠ હિતમાં હતું જેથી અમારો સમુદાય કોઈ વ્યક્તિના બદલે સંસ્થા પર ધ્યાન કેન્દ્રિત કરીને અસાધારણ પડકારની આ ક્ષણનો સામનો કરી શકે. ગત મહિને તેમને રિપબ્લિકનના આગેવાની હેઠળની હાઉસ કમિટી ઓન એજ્યુકેશન એન્ડ વર્કફોર્સ સમક્ષ આ આરોપોનો જવાબ આપવા માટે બોલાવવામાં આવ્યા હતા. ગે એ બાદમાં માફી માંગતા જણાવ્યું હતું કે, તે હાઉસ સમિતિની સુનાવણીમાં તીખી નોકઝોંકમાં ફસાઈ ગઈ હતી અને યહૂદી વિદ્યાર્થીઓ વિરુદ્ધ હિંસાની ધમકીઓની યોગ્ય રીતે નિંદા કરવામાં નિષ્ફળ રહી હતી. ગે એ કહ્યું હતું કે હું આશા રાખું છું કે મારા સંક્ષિપ્ત અધ્યક્ષતાને આપણી સામાન્ય માનવતાને શોધવાના પ્રયાસના મહત્વને ફરીથી જાગૃત કરવાની એક ક્ષણ તરીકે જોવામાં આવશે અને શિક્ષણની મહત્વપૂર્ણ પ્રક્રિયાને નબળી પાડવા માટે શત્રુતા અને નિંદાની પરવાનગી આપ વામાં આવશે નહીં. ક્લોડાઈન ગે એ હાર્વર્ડના અધ્યક્ષ તરીકે માત્ર છ મહિના સુધી કાર્ય કર્યું છે જે યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌથી ટૂંકો કાર્યકાળ હછે. હાર્વર્ડની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી પ્રમાણે ક્લોડાઈને ૧ જુલાઈ ૨૦૨૩ના રોજ ૩૦મા અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.







વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લક્ષદ્વીપમાં ભારત સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે તેમની વાતચીતની ઝલક શેર કરી હતી. "લક્ષદ્વીપમાં ભારત સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે વાતચીત કરીને આનંદ થયો. મહિલાઓના એક જૂથે વાત કરી કે કેવી રીતે તેમના સ્વ સહાય જૂથે રેસ્ટોરન્ટ શરૂ કરી, આમ આત્મનિર્ભર બનવા તરફ કામ કર્યું; એક વૃદ્ધ વ્યક્તિએ શેર કર્યું કે કેવી રીતે આયુષ્માન ભારતે હૃદયની બિમારીની સારવારમાં મદદ કરી, અને પીએમ કિસાનને કારણે એક મહિલા ખેડૂતનું જીવન બદલાઈ ગયું. અન્ય લોકોએ મફત રાશન, દિવ્યાંગો માટેના લાભો, પીએમ આવાસ, કિસાન ક્રેડિટ કાર્ડ, ઉજ્જવલા યોજના અને વધુ વિશે વાત કરી. વિકાસના ફળો વધુ અંતરિયાળ વિસ્તારોમાં પણ લોકો સુધી પહોંચે છે તે જોવું ખરેખર સંતોષકારક છે."

# મહુઆ મોઈત્રાએ પૂર્વ પ્રેમી પર દેખરેખ રખાવી હોવાનો આરોપ

### ટીએમસીનેતા મારા ફોન નંબરનો ઉપયોગ કરીને મારા ભૌતિક સ્થાનને ટ્રેક કરી રહી હોવાનો દેહાદ્રાઈનો આક્ષેપ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।**

સંસદમાં પૈસા બદલ પ્રશ્નો પૂછવાના કેસમાં સંસદ સભ્યપદ ગુમાવનાર ટીએમસીનેતા મહુઆ મોઈત્રા હવે નવા વિવાદમાં ફસાતા નજર આવી રહ્યા છે. જે વ્યક્તિએ પૈસા બદલ પ્રશ્નો પૂછવાના આરોપો લગાવ્યા હતા તે જ વ્યક્તિએ ફરી મહુઆ મોઈત્રા પર પશ્ચિમ બંગાળ પોલીસની મદદથી ગેરકાયદેસર દેખરેખ કરાવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. સુપ્રીમ કોર્ટના વકીલ જય અનંત દેહાદ્રાઈએ આરોપ લગાવ્યો છે કે ટીએમસીનેતા મહુઆ મોઈત્રા તેના પૂર્વ પ્રેમી પર ગેરકાયદેસર દેખરેખ રખાવી રહી હતી.

૨૯ ડિસેમ્બરના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને સીબીઆઈડાયરેક્ટર પ્રવીણ સૂદને લખેલા પત્રમાં દેહાદ્રાઈએ જણાવ્યું હતું કે એવી સંભાવના હોઈ શકે છે કે ટીએમસીનેતા મારા ફોન નંબરનો ઉપયોગ કરીને મારા ભૌતિક સ્થાનને ટ્રેક કરી રહી છે. દેહાદ્રાઈએ પત્રમાં આરોપ લગાવ્યો છે કે મોઈત્રાએ ખાનગી વ્યક્તિઓના કોલ ડિટેઈલ રેકોર્ડ્સ (સીડીઆર) પ્રાપ્ત કરવા માટે પશ્ચિમબંગાળપોલીસના કેટલાક વરિષ્ઠ અધિકારીઓ સાથે પોતાનો પ્રભાવ અને સબંધોનો દુરુપયોગ કરવાનો એક ઈતિહાસ રહ્યો છે. દેહાદ્રાઈએ પોતાની ફરિયાદમાં એમ પણ કહ્યું હતું કે અગાઉ પણ ટીએમસીનેતા ૨૦૧૯માં સુહાન મુખર્જી નામના વ્યક્તિને ટ્રેક કરી રહ્યા હતા. દેહાદ્રાઈનાએ કહ્યું કે, મોઈત્રાએ અગાઉ પણ અનેક વખત મૌખિક અને લેખિત રૂપમાં (૨૬.૦૯.૨૦૧૯ના રોજ વોટ્સેપ પર) જણાવ્યું હતું કે, તે પોતાના પૂર્વ પ્રેમી સુહાન મુખર્જી પર સક્રિય નજર રાખી રહી છે કારણ કે, તેને તેના પર એક જર્મન મહિલા સાથે સબંધ હોવાની શંકા હતી.

સુપ્રીમ કોર્ટના વકીલ દેહાદ્રાઈએ પોતાની ફરિયાદમાં કેટલીક ચેટના સ્ક્રીનશોટ્સ અને કથિત સીડીઆરલિસ્ટને જોડતા કહ્યું કે, મને એ જાણીને આશ્ચર્ય થયું કે, બંગાળના વરિષ્ઠ પોલીસ અધિકારીઓની મદદથી મોઈત્રા પાસે તેના પૂર્વ પ્રેમીની સમગ્ર કોલ ડિટેલ રેકોર્ડ છે. જેમાં એ વ્યક્તિઓ વિશે સટીક જાણકારી છે જે લોકો તેના પૂર્વ પ્રેમીના સંપર્કમાં હતા અને આ સાથે જ દિવસના તમામ કલાકોની તેમના ફોનમાં સટીક લોકેશનની પણ જાણકારી છે.

બીજી તરફ તાજેતરના આરોપો અને સીબીઆઈતપાસની માંગ પર પ્રતિક્રિયા આપતા મહુઆ મોઈત્રાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપર કટાક્ષ કરતા લખ્યું કે, હું ગૃહમંત્રાલયને આગ્રહ કરું છું કે, ભારતના તમામ એક્સ બોયફ્રેન્ડ્સની ફરિયાદોની તપાસ માટે એક સ્પેશિયલ સીબીઆઈડાયરેક્ટર નિયુક્ત કરવામાં આવે.

જોકે, થોડા જ કલાકો બાદ મહુઆએ આ પોસ્ટ ડિલીટ પણ નાખી હતી. તમને જણાવી દઈએ કે, દેહાદ્રાઈ પણ મહુઆ મોઈત્રા સાથે રિલેશનશિપ માં રહી ચૂક્યો છે.

## કોર્ટે ૧૨ વર્ષની છોકરીના ગર્ભપાતની અરજી ફગાવી

**। નવી દિલ્હી, તા.૩ ।**

કેરળ હાઈકોર્ટે તેના સગીર ભાઈ સાથેના અનૈતિક સંબંધોને કારણે ગર્ભવતી બનેલી ૧૨ વર્ષની છોકરીના ગર્ભપાતની અરજીને ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે ગર્ભ ૩૪ અઠવાડિયાનો છે, સંપૂર્ણ રીતે વિકસિત છે અને ગર્ભાશયની બહાર જીવન માટે તૈયાર છે. આ સિવાય કોર્ટે એમ પણ કહ્યું કે આ તબક્કે ગર્ભપાત શક્ય નથી અને બાળકનો જન્મ સિઝેરિયનથી થશે કે સામાન્ય ડિલિવરી તે નિર્ણય તબીબી નિષ્ણાતો પર છોડી દેવામાં આવ્યો છે. ન્યાયાધીશ દેવન રામચંદ્રને સગીર છોકરીને અરજદારો/માતા-પિતાની કસ્ટડી અને સંભાળમાં રહેવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે સત્તાવાળાઓ અને માતા-પિતાને એ સુનિશ્ચિત કરવાનો પણ નિર્દેશ આપ્યો છે કે તેના સગીર ભાઈ, જેની સામે આરોપો દાખલ કરવામાં આવ્યા છે, તેને છોકરીની નજીક ન આવવા દેવામાં આવે. આ મામલે માતાપિતાએ દલીલ કરી હતી કે બાળકને જન્મ આપવાથી છોકરીના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડશે.

### ૨૦૨૩ યુપીઆઈ પેમેન્ટની બાબતમાં ખૂબ ખાસ રહ્યું

# એક વર્ષમાં યુપીઆઈ પેમેન્ટમાં ૪૨ ટકાની વૃદ્ધિ જોવા મળી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।**

વર્ષ ૨૦૨૩ યુપીઆઈપેમેન્ટની બાબતમાં ખૂબ જ ખાસ રહ્યું છે. ગયા વર્ષે ભારતીયોએ મોટા પાયે ઓનલાઈન પેમેન્ટ કર્યું છે. આજકાલ લોકો ઘરના રાશન, ચા, સિગારેટ અને બાળકોની સ્કુલમાં યુપીઆઈદ્વારા જ પેમેન્ટ કરી રહ્યા છે. આ કારણોસર છેલ્લા એક વર્ષમાં યુપીઆઈપેમેન્ટના મામલામાં ૪૨ ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી છે. આંકડાઓની વાત કરીએ તો આ આખા વર્ષમાં કુલ ૧૮ લાખ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન થયા છે. આ સમયગાળા દરમિયાન, ટ્રાન્ઝેક્શન વેલ્યુમાં ૫૪ ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી છે. આ સાથે આ આંકડો વધીને ૧,૨૦૨ કરોડ રૂપિયા થઈ ગયો છે. ઉપરાંત, ઓનલાઈન પેમેન્ટના કિસ્સામાં મહિને મહિને વૃદ્ધિ




નોંધાઈ છે. જો આપણે વર્ષની શરૂઆતમાં એનપીસીઆઈડેટા પર નજર કરીએ તો, અંદાજિત ૧૦૦ કરોડ દૈનિક ઓનલાઈન ટ્રાન્ઝેક્શનથી પાછળ હોવા છતાં, ડિસેમ્બરમાં દૈનિક યુપીઆઈપેમેન્ટ વધીને ૪૦ કરોડ થઈ ગયું છે. ફાસ્ટેગ પેમેન્ટની વાત કરીએ તો ડિસેમ્બરમાં ૩૪.૮ કરોડ ફાસ્ટેગ પેમેન્ટ કરવામાં આવ્યા હતા, જેમાં છેલ્લા એક વર્ષમાં ૧૩ ટકાનો વધારો નોંધવામાં આવ્યો છે.

### આ વર્ષે બીટીંગ રીટ્રીટ સંપૂર્ણપણે સ્વદેશી રહેશે

# ૨૬ જાન્યુઆરીની પરેડમાં ત્રણ સેનાની મહિલા ટુકડી ભાગ લેશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।**

આ વર્ષે બીટીંગ રીટ્રીટ સંપૂર્ણપણે સ્વદેશી રહેશે. મળતી માહિતી મુજબ આ વર્ષે બીટીંગ રીટ્રીટમાં જે પણ ધૂન વગાડવામાં આવશે તે સંપૂર્ણપણે સ્વદેશી હશે. જે માટે ધૂન પણ પસંદ કરવામાં આવી છે. આ ઉપરાંત ગણતંત્ર દિવસની પરેડમાં પ્રથમ વખત નૌકાદળ, વાયુસેના અને નૌકાદળની મહિલા અગ્નિવીરોની સંયુક્ત ટુકડી હશે. જેનું નેતૃત્વ ત્રણેય દળોની મહિલા અધિકારીઓ કરશે. પ્રથમ વખત, ત્રિ-સેવા (આર્મી, નેવી, એરફોર્સ) ટુકડી પરેડમાં કૂચ કરશે.

વર્ષ ૨૦૨૨ માં બીટીંગ રીટ્રીટ સેરેમનીમાંથી 'એબિડ વિથ મી' ટ્યુનને પડતી મુકવામાં આવી હતી. ૧૯૫૦ થી, આ ધૂન દર વર્ષે બીટીંગ રીટ્રીટ સેરેમની



દરમિયાન વગાડવામાં આવતી હતી. અગાઉ ૨૦૨૦માં પણ તેને હટાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ વિવાદ બાદ તેને ફરીથી સામેલ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ વખતે બીટિંગ રિટ્રીટમાં દરેક ધૂન સ્વદેશી હશે. જેમાં તાકાત વતન કી હમસે હે, કદમ કદમ બઢાએ જા, એ-મેરે વતન કે લોગો, ફૌલાદ કા જીગર, શંખનાદ, ભાગીરથી, જેવી ધૂનનો સમાવેશ થાય છે. બીટિંગ રીટ્રીટ એ સેનાનું બેરેકમાં પરત ફરવાનું પ્રતીક છે.

### તમિલ ગાયિકાના તમિલનાડુના મુખ્યમંત્રી પર પ્રહાર

# ઇકોસિસ્ટમ સેક્સ અપરાધીઓને પ્રોત્સાહન આપે છે : ગાયિકા ચિન્મયી

**। (એજન્સી) ચેન્નાઈ, તા.૩ ।**

તમિલ ગાયિકા ચિન્મયી શ્રીપદાએ તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન અને પી ચિદમ્બરમ પર આકરા પ્રહારો કર્યા છે. બંને ગીતકાર વરાઈમુથુ સાથે સ્ટેજ શેર કરી રહ્યા હતા. ચિન્મયીએ ૨૦૧૮માં મિટૂઅભિયાન દરમિયાન વરાઈમુથુ પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. તમિલ ગાયિકા ચિન્મયી શ્રીપદાએ તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન અને પી ચિદમ્બરમ પર આકરા પ્રહારો કર્યા છે. બંને ગીતકાર વરાઈમુથુ સાથે સ્ટેજ શેર કરી રહ્યા હતા. ચિન્મયીએ ૨૦૧૮માં મિટૂઅભિયાન દરમિયાન વરાઈમુથુ પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. ચિન્માઈએ લખ્યું, "તમિલનાડુના કેટલાક સૌથી શક્તિશાળી લોકોએ મારી સાથે છેડતી કરનારને પ્લેટફોર્મ આપ્યું, જ્યારે મારા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. મારી કારકિર્દીના ઘણા વર્ષો વેડફાઈ ગયા. હું આશા રાખું છું કે તેમની સમગ્ર ઈકોસિસ્ટમ કે જે સેક્સ અપરાધીઓને પ્રોત્સાહન આપે છે અને સમર્થન આપે છે, જ્યારે સત્ય બોલતા પ્રમાણિક લોકોને જેલમાં ધકેલી દે છે, તે વિખેરી નાખવાનું શરૂ કરે છે. મારી ઈચ્છા પૂરી ન થાય ત્યાં સુધી હું પ્રાર્થના કરીશ અને પ્રાર્થના કરતી રહીશ - તેમ છતાં હું બીજું કંઈ કરી શકતી નથી. ૩૯ વર્ષીય ચિન્માઈ શ્રીપદા મુખ્યત્વે દક્ષિણ ભારતીય ફિલ્મો માટે ગાય છે. ૨૦૧૮ માં, તેણીએ ૭૦ વર્ષીય વરાઈમુથુ પર ૨૦૦૫ માં સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાત દરમિયાન તેણીને રૂમમાં બોલાવવાનો આરોપ મૂક્યો હતો. આ સિવાય તેણે વરાઈમુથુ પર તેની કારકિર્દી બરબાદ કરવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો હતો.

## વિશેષ

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલી વાઇબ્રન્ટ સમિટએ આજે વિશ્વભરના રોકાણકારોને ગુજરાતમાં ઇન્વેસ્ટમેન્ટ માટે આકર્ષ્યા છે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં એક જ દિવસમાં ૭.૧૭ લાખ કરોડ રૂપિયાના સૂચિત રોકાણો માટેના ૫૮ MoU વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી કડીના પૂર્વાર્ધ રૂપે થયા

**। (માહિતી) ગાંધીનગર ।**

દેશના ગ્રોથ એન્જિન અને વિકાસના રોલ મોડેલ ગુજરાતમાં દેશ-વિદેશના ઉદ્યોગ-રોકાણકારોને નિવેશ માટે પ્રેરિત કરતી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધ રૂપે બુધવારે એક જ દિવસમાં ૭ લાખ ૧૨ હજાર ૨૫૦ કરોડ રૂપિયાના સૂચિત રોકાણો માટેના MoUનો વિક્રમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં અને પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં સર્જાયો છે. આ સંદર્ભમાં રાજ્ય સરકાર સાથે વિવિધ ક્ષેત્રોનાં રોકાણ માટે ૫૮ જેટલા MoU ઉદ્યોગ-રોકાણકારોએ કર્યા હતા. તેના દ્વારા ૩ લાખ ૭૦ હજાર ૧૬૫ જેટલી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ભવિષ્યમાં ઊભી થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વેપાર-ઉદ્યોગના ગ્લોબલ મેપ પર ગુજરાતને અગ્રેસર બનાવવાના ઉદ્દેશ્યથી રાજ્યના મુખ્યમંત્રી તરીકે ૨૦૦૩થી શરૂ કરાવેલી વાઈબ્રન્ટ સમિટની ૧૦મી કડી તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૪માં યોજાવાની છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં એક નવતર અભિગમ અપનાવીને આ વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધ રૂપે દર સપ્તાહે પ્રતિ બુધવારે ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં વિવિધ ઉદ્યોગો સાથે MoU કરવાનો




ઉપક્રમ રાજ્ય સરકારે હાથ ધરેલો છે. તદઅનુસાર, અત્યાર સુધીમાં ૧૬ સિરીઝમાં ૧૭૭ MoU દ્વારા ૩ લાખ ૧૪ હજાર ૪૬૯ કરોડ રૂપિયાનું સૂચિત રોકાણ અને તેના થકી ૯ લાખ ૧૯ હજાર જેટલી રોજગારીની તકો પ્રાપ્ત થવાની છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય મંત્રી મંડળના વરિષ્ઠ મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં આ બુધવાર તા. ૩જી જાન્યુઆરીએ આવા MoU સિરિઝની ૧૭મી કડીમાં એક જ દિવસમાં રૂ. ૭,૧૭,૨૫૦ કરોડના સંભવિત રોકાણો માટેના ૫૮ પ્રોજેક્ટ્સના MoU એક્સચેન્જ કરવામાં આવ્યા હતા. આના પરિણામે ભવિષ્યમાં ૩,૭૦,૧૬૫ સંભવિત રોજગારીની તકો ઊભી થશે. આ બુધવારે થયેલા ૫૮ રૈંમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના જાહેર સાહસો NTPC, પાવર ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ, પાવર ગ્રીડ કોર્પોરેશન લિમિટેડ, ONGC, HPCL, IOCL તથા રાજ્ય સરકારના સાહસો ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કોર્પોરેશન અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિક કોર્પોરેશન દ્વારા પણ MoU કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પ્રતિષ્ઠિત અને અગ્રણી ઉદ્યોગ ગૃહોએ પણ ક્ષેત્રોમાં રોકાણોના MoU કર્યા હતા. અત્યાર સુધીમાં આમ કુલ ૧૭ કડીમાં સમગ્રતયા વિવિધ ૨૩૪ MoU કરવામાં આવ્યા છે. તેના દ્વારા સંભવિત ૧૦,૩૧,૨૫૦ કરોડ રૂપિયાથી વધુનું મૂડીરોકાણ અને ૧૨,૮૯,૦૭૮ થી વધુ રોજગારી સર્જનની તકો ઊભી થવાનો અંદાજ છે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, આ MoU જે સેક્ટરમાં સંભવિત રોકાણો માટે થયા છે, તેમાં ઈલેક્ટ્રિક વ્હીકલ, એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ, ઓટોમોબાઈલ, બાયોટેકનોલોજી, સિમેન્ટ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, પોર્ટ્સ, એજ્યુકેશન, એન્જિનિયરિંગ, હેલ્થકેર અને ફાર્માસ્યુટિકલ, ઈન્ડસ્ટ્રિયલ પાર્ક, આઈ.ટી.-આઈટીઈએસ, લોજિસ્ટિક્સ, ઓઈલ એન્ડ ગેસ, પેકેજિંગ, પ્લાસ્ટિક, પાવર, ગ્રીન હાઈડ્રોજન અને રિન્યુએબલ એનર્જી, ટેક્ષટાઈલ અને એપેરલ્સ, પર્યટન અને નાગરિક ઉડ્ડયન, શહેરી વિકાસ જેવા ઘણા નિર્ણાયક ક્ષેત્રોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે એક જ દિવસમાં ૭ લાખ ૧૭ હજાર કરોડ રૂપિયા માટેના સંભવિત રોકાણો માટે રૈં થવાની આ ગૌરવ ઘટનાને રાજ્યના ઈતિહાસમાં સિદ્ધિરૂપ ગણાવી હતી. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને વેપાર-ઉદ્યોગોના ગ્લોબલ મેપ પર અગ્રેસર રાખવાના હેતુથી ૨૦૦૩માં તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં વાઈબ્રન્ટ સમિટ શરૂ કરાવી હતી. આ સમિટની ઉત્તરોત્તર સફળતાને પગલે ગુજરાત દેશ-વિદેશના રોકાણકારો માટે નિવેશનું પસંદગીનું સ્થળ બન્યું છે, તેનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વાઈબ્રન્ટ સમિટમાં થતાં MoUના અમલીકરણથી ગુજરાતમાં રોજગારીના તથા આર્થિક ઉન્નતિના અનેક અવસરો ઊભા થયા છે. રાજ્ય સરકાર ઉદ્યોગોમાં રોકાણો માટે આવતા નિવેશકોને કોઈ મુશ્કેલી ન પડે તેવા પ્રો-એક્ટિવ એપ્રોચ સાથે મદદ માટે તત્પર છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

**એર ઈન્ડિયાની ફ્લાઈટ ૧૫ જાન્યુઆરીથી શરુ થઈ રહી છે**

# રામ મંદિર પહોચવા માટે ટૂંક જ સમયમાં સુરતથી એર ઈન્ડિયાની ફ્લાઈટ શરુ થશે

## ૨૨ જાન્યુઆરીએ PM મોદી સહિત દેશ-વિદેશના તમામ VVIP મહેમાનો તેમજ લાખો ભક્તો અયોધ્યા પહોંચશે

। (એજન્સી) સુરત, તા.3 ।

અયોધ્યામાં બની રહેલા ભવ્ય રામ મંદિરમાં ભગવાન રામ લલ્લાના અભિષેકનો કાર્યક્રમ યોજાવાનો છે. જેને લઈને તૈયારી જોર-શોરમાં ચાલી રહી છે. ૨૨ જાન્યુઆરીએ PM મોદી સહિત દેશ-વિદેશના તમામ VVIP મહેમાનો તેમજ લાખો ભક્તો અયોધ્યા પ હોંચશે. ત્યારે શું તમે પણ ભગવાન રામના દર્શન કરવા માંગો છો તો સુરતથી અયોધ્યા રામ મંદિર પહોચવા માટે ટૂંક જ સમયમાં સુરતથી એર ઈન્ડિયાની ફ્લાઈટ શરુ થવા જઈ રહી છે. આ ફ્લાઈટ તમને માત્ર એક જ દિવસમાં અયોધ્યા પહોંચાડી દેશે. સુરતીઓ મોટાભાગે ખાવા પીવા અને ફરવાના શોખીન હોય છે. ત્યારે હવે અયોધ્યા મંદિરના ઉદ્વાટન પ્રસંગે લોકો રામ લલ્લાના દર્શન માટે જવાની તૈયારીઓ કરી રહ્યા છે. જેને લઈને સુરતથી અયોધ્યાથી અયોધ્યા જવા માટે ટ્રેનનું બુકિંગ ફુલ થઈ જતા જગ્યા નથી મળી રહી તો રાહ જોવાને બદલે તમે ફ્લાઈટ દ્વારા એક જ દિવસમાં સરળતાથી અયોધ્યા પહોંચી શકો છો. મળતી માહિતી મુજબ એર ઈન્ડિયાની ફ્લાઈટ ૧૫ જાન્યુઆરીથી શરુ થઈ રહી છે આ ફ્લાઈટ સુરતથી બેંગ્લોર, બેંગ્લોરથી ગ્વાલિયર, ગ્વાલિયરથી દિલ્હી અને દિલ્હીથી સીધા અયોધ્યા પહોંચાડી દેશે. આ ફ્લાઈટમાં જવા માટે અલગ અલગ દિવસનું અલગ અલગ ભાડું છે. જો તમે ૧૫ તારીખની ફ્લાઈટ બુક કરાવો છો તો તેનું ભાડું પર પરસન ૫,૫૧૩ રુપિયા છે. આ ફ્લાઈટ તમને ૧૫મી એ સાંજે ૯.૨૦ એ ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૧.૨૦ એ અયોધ્યા પહોંચાડી દેશે. જો તમે ૧૬ તારીખની ફ્લાઈટ બુક કરાવો છો તો તેનું ભાડું ૫,૨૪૯ છે જોકે દિવસ નજીક આવતા ભાડામાં પણ વધારો થઈ શકે છે. તમને જણાવી દઈએ કે હાલ સુરતથી અયોધ્યા જવા માટે ૫૦૦૦ થી લઈને ૧૨૦૦૦ સુધી ભાંડા પહોંચી ગયા છે.

**ગુજરાત હાઈકોર્ટમાં સફાઈ કામદારોના મૃત્યુના કિસ્સા**

# સફાઈ કામદારોના મૃત્યુ વળતર અંગે હાઈકોર્ટ ખફા

**આ મામલે હાઈકોર્ટ રાજ્ય સરકારના જવાબને લઈ ખફા થઈ છે અને અહીં કોઈ લિસ્ટ સામે લિસ્ટની રમત નહીં હોવાનું કહ્યું હતું**



। અમદાવાદ, તા.3 ।

ગુજરાત હાઈકોર્ટમાં સફાઈ કામદારોના મૃત્યુના કિસ્સાઓમાં વળતરના મુદ્દે PIL થઈ હતી. ૧૬ સફાઈ કામદારોના મૃત્યુને લઈ વળતર નિયમોનુસાર નહીં મળ્યાનું અરજદારે રજૂઆત કરવામાં આવી હતી. આ મામલે હાઈકોર્ટ રાજ્ય સરકારના જવાબને લઈ ખફા થઈ છે અને અહીં કોઈ લિસ્ટ સામે લિસ્ટની રમત નહીં હોવાનું કહ્યુ હતું. રાજ્યમાં સફાઈ કામદારોના મોતના કિસ્સાઓમાં વળતર નિયમોનુસાર ચુકવાતુ નહીં હોવાની રજૂઆત ઉઠી છે. આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં સફાઈ કામદારોના મૃત્યુના વળતરને લઈ PIL કરવામાં આવી છે.

જેમાં રજૂઆત કરવામાં આવી છે કે, ૧૬ મૃતક સફાઈ કર્મીઓના પરિવારોને નિયમાનુસાર વળતરચુકવવામાં આવ્યુ નથી. રાજ્ય સરકારે આ મામલે ૮ મૃતકના પરિવારજનોને વળતર ચૂકવવાનું બાકી હોવાની કબૂલાત કરી હતી.

**ખાદી ઉત્પાદનોની ગુણવત્તા વધારવા ખાદી કારીગરોને સશક્ત કરવા અને ખાદી માટે**

# 'મેડ ઇન ઇન્ડિયા' લેબલ રજૂ કરવા QCI અને KVIC વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર થયા




। અમદાવાદ, તા.3 ।

ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI) અને ખાદી વિલેજ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ કમિશન (KVIC) એ ખાદી ઉત્પાદનોની ગુણવત્તા વધારવા, કારીગરોને સશક્ત બનાવવા અને ખાદી માટે 'મેડ ઈન ઈન્ડિયા' લેબલ રજૂ કરવા માટે એક ગ્રાઉન્ડબ્રેકિંગ સહયોગ શરૂ કર્યો, જે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ખાદીને આત્મનિર્ભરતા અને સસ્ટેનેબલ ડેવલોપમેન્ટના પ્રતીક તરીકે પ્રોત્સાહન આપવાનું વિઝન સાકાર કરે છે. કોચરબ આશ્રમ, અમદાવાદ ખાતે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે ખાદીના મહત્વ અને મહાત્મા ગાંધીનું પ્રતીક છે, જેમણે તેને ભારતના સ્વાતંત્ર્ય સંઘર્ષના પ્રતીક અને ગ્રામીણ ભારતને સશક્તિકરણના સાધન તરીકે લોકપ્રિય બનાવ્યું હતું. એમઓયુનું વિનિમય શ્રી જક્ષય શાહ, ચેરપર્સન, QCI અને શ્રી મનોજ કુમાર, ચેરપર્સન, KVICની વિશિષ્ટ ઉપસ્થિતિમાં થયું હતું. QCI અને KVIC વચ્ચેનો સહયોગ, વિકસીત ભારત માટેનો માર્ગ મોકળો કરવાના હેતુથી, એકંદર ગુણવત્તાયુક્ત ઈકોસિસ્ટમને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તે સુનિશ્ચિત કરે છે કે ખાદી માત્ર તેની કાલાતીત અપીલને જાળવી રાખે નહીં પણ ક્વોલિટી & સસ્ટેનેબિલિટીનું વૈશ્વિક પ્રતીક પણ બને.

QCI વિવિધ હસ્તક્ષેપ દ્વારા ખાદી અને ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનોની ગુણવત્તામાં વધારો કરીને KVICને તેનો ટેકો આપશે, જેમાં થર્ડ પાર્ટી એસેસમેન્ટ ફ્રેમવર્ક કારીગરોને તેમની ઉત્પાદકતામાં સુધારો કરવા અને સંભવિત કમાણી કરવા અને ખાદી ઉત્પાદનોને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવા માટે ક્ષમતા નિર્માણ સહિત વિવિધ હસ્તક્ષેપો દ્વારા સશક્તિકરણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આ સહયોગ ખાદી માટે 'મેડ ઈન ઈન્ડિયા' લેબલ પણ રજૂ કરશે, જે સમગ્ર ખાદી ઉદ્યોગને સમગ્ર વિશ્વમાં ગુણવત્તાના પ્રતીક તરીકે ખાદી ઉત્પાદનોના ઉત્પાદન અને વેચાણમાં નોંધપાત્ર વધારો કરશે. વધુમાં, તે ખાદી કારીગરો માટે તેમને ઉન્નત કૌશલ્યો અને જ્ઞાનથી સજ્જ કરીને આવકમાં વધારો, વધુ ઉત્પાદકતા અને કાર્યક્ષમતા સહિત; નવી રોજગારીની તકો સહિતના ઘણા ફાયદાઓ લાવશે.

આ મહત્વપૂર્ણ અવસરે QCI ના ચેરપર્સન શ્રી જક્ષય શાહે જણાવ્યું હતું કે, """ખાદી અને KVIC ઉત્પાદનોની ગુણવત્તા વધારવા અને તેમાં સામેલ કારીગરોને સશક્ત કરવા KVIC સાથે ભાગીદારી કરવી એ ખૂબ જ ગર્વની ક્ષણ છે કારણ કે ખાદી એ માત્ર એક ઉદ્યોગ નથી પરંતુ ભારતની સંસ્કૃતિ અને વારસાનું પ્રતીક છે. ગાંધીજીના શબ્દોમાં, ખાદી એ કાપડનો ટુકડો નથી પરંતુ આત્મનિર્ભર ભારતની વિચારધારા છે. ખાદી ભારતની સાંસ્કૃતિક ઓળખ, કારીગરી અને ટકાઉપણું પણ રજૂ કરે છે, જો કે, આજે તે પરંપરા અને આધુનિકતાના ક્રોસરોડ્સ પર ઉભી છે. જ્યારે આજે, અમે વિકિસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવા માટે કામ કરી રહ્યા છીએ, ત્યારે આ સહયોગ ચોક્કસપણે ખાદીના સારને જાળવી રાખવા માટે ફાળો આપશે અને વિશાળ વૈશ્વિક ઓળખ માટેનો માર્ગ બનાવશે.''

**લેઉઆ પટેલ સમાજ દ્વારા આયોજીત અસ્મિતા પર્વમાં દાનની જાહેરાત**

# આફ્રિકાના કચ્છી વેપારીએ કન્યાઓના શિક્ષણ માટે ૧૫૦ કરોડ રૂપિયાનું દાન કર્યું

। કચ્છ, તા.3 ।

કચ્છી લેઉઆ પટેલ સમાજ દ્વારા આયોજીત અસ્મિતા પર્વમાં આ દાનની જાહેરાત કરવામાં આવી છે. આ દાનને પગલે દીકરીઓ માત્ર ૧ રૂપિયાના ટોકને શાળામાં અભ્યાસ કરી શકશે. અને તેમનો તમામ ખર્ચ હસમુખ ભુડિયા ઉપાડશે. આ દાનની જાહેરાતને પગલે કાર્યક્રમમાં દાતા અને દીકરીઓ બન્ને ખૂબ જ ભાવુક થયા હતા.

આફ્રિકાના મોમ્બાસામાં રહેતા કચ્છી ઉદ્યોગપતિ હસમુખ ભુડિયાએ દાનનો



ધોધ વહાવીને સમાજને નવી રાહ ચીંધી છે. હસમુખ ભુડિયાએ દીકરીઓના શિક્ષણ માટે ૧૫૦ કરોડ રૂપિયા આપ વાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે કચ્છમાં શિક્ષણ સંકુલ માટે ૧૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. હસમુખ ભુડિયાએ અગાઉ પણ ૧૫૦ કરોડ ફાળવી ચુક્યા છે. અને હવે દીકરીઓ વિના મુલ્યે શિક્ષણ મેળવી શકે તે માટે બીજા ૧૫૦ કરોડ રૂપિયાના દાનની જાહેરાત કરી છે.

કચ્છી લેઉઆ પટેલ સમાજ દ્વારા આયોજીત અસ્મિતા પર્વમાં આ દાનની જાહેરાત કરવામાં આવી છે. આ દાનને પગલે દીકરીઓ માત્ર ૧ રૂપિયાના ટોકને શાળામાં અભ્યાસ કરી શકશે. અને તેમનો તમામ ખર્ચ હસમુખ ભુડિયા ઉપાડશે. આ દાનની જાહેરાતને પગલે કાર્યક્રમમાં દાતા અને દીકરીઓ બન્ને ખૂબ જ ભાવુક થયા હતા. કેટલીક અનાથ દીકરીઓ ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડી હતી. જેને પગલે ઉપસ્થિત સૌની આંખો પણ ભીની થઈ હતી.

નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..
MERRYLAND
Women' s Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર
રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ




સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
● કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
● ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
● ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
● સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ
તા. ૧૫-૦૧-૨૦૨૪ સુધી
સમય સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી

જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
● IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
● 0% કે નહીવત શુક્રાણું
● લાંબુ કે જટિલ વ્યંધત્વ
● ગમે તેવી મોટી ઉંમર કે નીચુ AMH
● PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
● બંને નળીઓ બંધ હોવી
● ગર્ભાશયમાં ગાંઠ હોવી
● એન્ડોમેટ્રીઓસીસ
● એડેનોમાયોસીસ

ઉપલબ્ધ સેવાઓ
● હાઈરિસ્ક પ્રેગ્નન્સી યુનિટ
● IUI, IVF સરોગેસી
● હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
● હાઈરિસ્ક પ્રેગનેન્સી
● મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી

દરેક ઈન્સ્યોરન્સ માટે કેશલેશ સુવિધાઓ ઉપલબ્ધ

ડો. હિતેશ પટેલ (ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)
સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્કવેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત, www.merrylandhospital.com
રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો.. + 91 9081 66 33 55 / 66

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨